
**Veer Narmad**
**South Gujarat University, Surat**
Re-accredited by NAAC with 'B++' grade
सत्यम् ज्ञानम् अनन्तम्




# ઈ–દક્ષિણાયન
## Dakshinayan e-Newsletter
For Private Circulation Only

Vol. 14, Issue. 255, December 2023

શિખવાની ક્ષમતા, આત્મવિશ્વાસ અને હકારાત્મક સામાજિક ક્રિયા પ્રક્રિયાના ગુણો પણ કુટુંબમાંથી જ પ્રાપ્ત થાય છે. કુટુંબમાં જ નૈતિકતાના પાયાના મૂલ્યોનો વિકાસ થાય છે.

– ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ

## દિપે અરુણું પરભાત

**પ્રિય વાચક મિત્રો,**

પરિવાર શબ્દ સંસ્કૃતના 'વૃ' ધાતુ અને 'પરિ' ઉપસર્ગ પરથી બનેલો છે. વૃ એટલે ઘેરનાર અને પરિ એટલે ચારેબાજુથી. આમ, પરિવારનો શાબ્દિક અર્થ ચારેબાજુથી ઘેરનાર થાય છે. ભારતીય સમાજ રચનાનો મૂળભૂત એકમ પરિવાર છે. પરિવારમાં સમાજ તથા રાષ્ટ્ર દ્વારા પ્રાપ્ત સંસ્કારનું કેન્દ્ર છે.

પરિવાર એટલે સંસ્કારોનું વહેતું નિર્ઝર ! પરિવાર એટલે પરંપરાનું જતન કરતો મૂળભૂત એકમ. એક પરિવાર પર સૃષ્ટિના સર્જનહારની કૃપા થાય એટલે બાળહાસ્ય અને નિર્દોષ તોફાનોથી ઘરનું વાતાવરણ ભરાઈ જાય. આ વાતાવરણમાંથી જ ભવ્યાતિભવ્ય ભારતવર્ષનો હજારો વર્ષોનો અનુભવ બાળકને સહજ રીતે મળે છે. આ વાતાવરણમાં તે ધીરેધીરે ખીલતું જાય છે. પોતાની આસપાસની સંસ્કૃતિ ગ્રહણ કરે છે. પોતાના વ્યકિતત્વના વિકાસ માટે સૌની સાથે મધુર સંવાદ કરતાં કરતાં ચારિત્ર્ય, કૌશલ્ય અને ટેવોનું ઘડતર થાય છે. આ રીતે પરિવારનું વાતાવરણ બાળકના સર્વાંગી વિકાસ માટે ખૂબ જ મહત્વ ધરાવે છે.

પરિવાર એટલે સમાજની લઘુ આવૃત્તિ. આ આવૃત્તિમાંથી મળતા અનેક અનુભવો આગળ જતાં જિંદગીનું પાથેય બનવાના છે ત્યારે પ્રત્યેક મા–બાપની એ પવિત્ર ફરજ છે કે ઘરના વાતાવરણ દ્વારા બાળકને ઘડે અને સદગુણોની સુગંધથી ભરી દે. મનોવિજ્ઞાનનો અભ્યાસ દર્શાવે છે કે ડાહી ડાહી શિખામણો બાળકને ગમતી નથી. એ તો ઝંખે છે પોતીકું વિશ્વ ! જ્યાં સૌ તેને સ્નેહ કરે, સ્વીકારે અને સતત એવી અનુભૂતિ કરાવે કે તું નાનો પણ ખૂબ જ મહત્વનો અને પરિવારનો અંગભૂત ઘટક છે.

ભારતીય તથા રાષ્ટ્ર દ્વારા પ્રાપ્ત હજારો વર્ષોનો અનુભવ બાળકને સહજ રીતે પ્રાપ્ત થાય છે. પરિવાર દ્વારા તે પોતાના સમાજની સંસ્કૃતિ શીખે છે. પરિવારમાં જ બાળકના શારીરિક, માનસિક, સામાજિક તથા આધ્યાત્મિક વિકાસનો પાયો નખાય છે. બાળકનું ચારિત્ર્ય, કૌશલ્યો, ટેવો, જીવનની નાનામાં નાની બાબતો પરિવારમાં રોપાય છે. પ્રથમ પાઠશાળા છે. તેથી પ્રત્યેક આ વિશેષતાને, લાક્ષણિકતાને ટકાવી રાખે તે ખૂબ જ જરૂરી છે. તેથી પરિવારની દરેક વ્યકિતએ પોતાના આચાર–વિચારમાં ભારતીયતાને સમાવી લેવા માટે અને જરૂર પડયે અભિવ્યકત કરવા તત્પર બનવું જોઈએ.

હે સ્નેહાળ પરિજનો ! આપણાં બાળકોને આપણે જ આમંત્રિત કરીને અહીં નોતર્યા છે ત્યારે મહેમાનથીયે વધારે એમની કાળજી લેવાની છે. સુવિધા, સંવાદિતા અને સંસ્કારના ત્રિવેણી સંગમે આપણી ભીતર વહેતી વાત્સલ્ય સરિતામાં એમને સ્નાન કરાવીએ. એમના થકી જ આપણા સૌને જીવન જીવવાની અને કંઈક કરવાની દિશા મળી છે ત્યારે આવો, પરિવારને દિવ્ય ચેતનાનું કેન્દ્ર બનાવીએ. આ ભૂમિ પર એના થકી અનેક શ્રેષ્ઠ કાર્યો થવાનાં છે એ ભાવ સાથે પરિવારના વાતાવરણને સ્નેહ, સમજણ અને આનંદથી ભરી દઈએ! પરિવાર એટલે સમાજની લઘુ આવૃત્તિ. આ આવૃત્તિમાંથી મળતા અનેક અનુભવો આગળ જતાં જિંદગીનું પાથેય બનવાના છે ત્યારે પ્રત્યેક મા–બાપની એ પવિત્ર ફરજ છે કે ઘરના વાતાવરણને સુંદર બનાવે.

પરમ પૂજ્ય ગુરુદેવ સ્વામી સંવિત સોમગીરીજી મહારાજ કહે છે કે, ભારત વિશ્વ ગુરુ હતું. એની પરા અપરા વિદ્યા ને પ્રાપ્ત કરીને ધરતીના ખૂણે ખૂણે થી જગ્યા શું મૂકશું? આ પૂર્ણભૂમિમાં શિષ્ય ભાવથી આવતા હતા. આ ભૂમિથી જ્ઞાનદીપ લઈ ત્યાગી તપસ્વી વિદ્વાન સાધક આચાર્ય વિદેશોમાં જતા હતા અને જ્ઞાન પ્રકાશથી ત્યાંની સંસ્કૃતિના અંધારામાં પ્રકાશ ફેલાવવાનો પ્રયાસ કરતા હતા. આ જ્ઞાન મિત્ર કો નિપ્રેરક કૃષિ હતા. આત્મજ્ઞાન એ જ એમનું બળ હતું. પ્રભુ પ્રેમ એ જ એમની ગતિ હતી. કારાંતરમાં વિષણયુદ્ધ થયા, ગૃહ યુદ્ધ પણ થયા, બાહ્ય આક્રમણો પણ થયા. એના ફળ સ્વરૂપે ભારતની શાસ્ત્રશકિત નિર્બળ થઈ, બુદ્ધિશકિત અરક્ષિત થઈ, અર્થ તંત્ર દોસ્ત થયું, લોકજીવન દમિત થયું, અસ્તવ્યસ્ત થયું એવા જર્જરિત રાષ્ટ્રના પરતંત્ર હોવું સ્વાભાવિક હતું. ભારતના સ્થૂળ કલેવરમાં પરાજિત ભાવ આવ્યો. મન અને આત્મા નહી એના સ્થૂળ કલેવરમાં પણ સ્વાતંત્ર છે.

**તા. ૧ જાન્યુઆરી, ૨૦૨૪**

**(ડૉ. કિશોરસિંહ ચાવડા)**
**કુલપતિશ્રી**

## વિશ્વવિદ્યાલય સમાચાર

### વિકસિત ભારત @2047 - Voice of Youth આઈડિયાઝ પોર્ટલ લોન્ચિંગ કાર્યક્રમ

વિકસિત ભારત @2047 - Voice of Youth આઈડિયાઝ વિષય પર તા. ૧૧/૧૨/૨૦૨૩ના રોજ ગુજરાત રાજભવન, ગાંધીનગર ખાતે માનનીય રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત, માનનીય શિક્ષણમંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ તથા માનનીય મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરિયાની અધ્યક્ષતામાં માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકસિત ભારત ૨૦૪૭ના વિઝન અન્વયે આઇડિયાઝ માટે પોર્ટલ લોન્ચ કરી વીડિયો કોન્ફરન્સીગથી વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રીઓ, તમામ ડીનશ્રીઓ અને વરિષ્ઠ શિક્ષકો તથા અનુસ્નાતકના વિદ્યાર્થીઓને સંબોધિત કર્યા હતા. ત્યારબાદ અલગ અલગ પેનલમાં પેનલ ડિસ્કશન થયું હતું. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા પ્રથમ પેનલ ડિસ્કશનમાં જોડાયા હતા. કુલપતિશ્રીએ વિકસિત ભારત ૨૦૪૭માં સશકત શિક્ષણ વિષય પર પેનલ ચર્ચા કરી હતી. જેમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦, ટેકનોલોજી–સંકલિત શિક્ષણ, કૌશલ્ય અને યોગ્યતાઓ, અનુકૂલિત શિક્ષણ, જનસંખ્યા વિસ્ફોટ, આંતરરાષ્ટ્રીય રેન્કિંગ, શિક્ષણ માટે વ્યાપક પહોંચ, ટકાઉ વિકાસ અને પર્યાવરણ શિક્ષા, શિક્ષકોની વધતી ભૂમિકાઓ, ફલેકસીબલ શિક્ષણ–શિક્ષણ પર્યાવરણ, ભારતીય જ્ઞાન પરંપરા, વૈચારિક પરિવર્તન, આજીવન શિક્ષણ પર ભાર તથા ૨૦૧૪થી ૨૦૪૭ની વચ્ચેના શિક્ષણની સ્થિતિની સરખામણી વગેરે મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. અંતે માનનીય રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત દ્વારા તેઓશ્રીનું સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાંથી ડીનશ્રીઓ, અધ્યાપકશ્રીઓ તથા વિદ્યાર્થીઓ ગુજરાત રાજભવન, ગાંધીનગર ખાતે ઉપસ્થિત રહ્યાં હતાં.















## ૨૫ હજારથી વધું વિદ્યાર્થીઓ દ્વારા માનવસાંકળ રચાઈ










તા. ૧૫ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ સુરત શહેરની વિવિધ શાળાઓ, મહાવિદ્યાલયો અને વિશ્વવિદ્યાલયના ૨૫ હજારથી વધું વિદ્યાર્થીઓ એકત્ર થઈને માનવસાંકળ રચવામાં આવી હતી. જેમાં સમગ્ર દેશને સ્વચ્છતા, સુરક્ષા અને સ્વાસ્થ્યનો સામૂહિક સંદેશ આપવામાં આવ્યો હતો. ૧૭મી ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સુરતની મુલાકાતે આવનાર હોવાથી તેમના સ્વાગત માટે સ્વચ્છતાનો સંદેશો આપવાના પ્રયાસ રૂપે સવારે ૭:૦૦ કલાકથી પોલીસ પરેડ ગ્રાઉન્ડથી શરૂ થઈને પીપલોદના વાય જંકશન અને ત્યાંથી ખટોદરા સ્થિત ચોસઠ જોગણી માતાના મંદિર સુધી ૧૫ કિ.મી.ના વિસ્તારમાં કુલ ૩૦ બ્લોકમાં ભવ્ય માનવસાંકળ રચાઈ હતી. જેમાં, સુરત નવસારીના સાંસદશ્રી સી.આર.પાટીલ, રાજ્યકક્ષાના ગૃહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી, મંત્રીશ્રી મુકેશભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશ્નર શ્રીમતી શાલીનીબેન અગ્રવાલ, કલેકટરશ્રી આયુષભાઈ ઓક, પોલીસ કમિશનરશ્રી અજયભાઈ તોમર અને ધારાસભ્યશ્રી સંદીપભાઈ દેસાઈ તેમજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, વિશ્વવિદ્યાલય તરફથી કાર્યક્રમના સંયોજકશ્રી ડૉ. પ્રકાશચંદ્ર પટેલ, અધ્યાપકો, વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓ, વિશ્વવિદ્યાલય સંલગ્ન મહાવિદ્યાલયના અધ્યાપકો તેમજ કુલ ૫૦૦૦થી વધું વિદ્યાર્થીઓ આનંદ ઉલ્લાસથી જોડાયા હતા.

## વિશ્વવિદ્યાલય ખાતે વિદેશી ભાષાના અભ્યાસક્રમો શરૂ કરવા અંગેનો નિર્ણય લેવામાં આવ્યો









વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં તા. ૧૮/૧૨/૨૦૨૩ના રોજ એકેડમિક કાઉન્સિલ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદેશી ભાષાના અભ્યાસક્રમો શરૂ કરવા અંગે મહત્વના નિર્ણય લેવામાં આવ્યા.

તા. ૧૭/૧૨/૨૦૨૩ના રોજ સુરત ખાતે ભારત દેશના લોકપ્રિય એવા યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી ડાયમંડ બુર્સનાં શુભારંભ પ્રસંગે અને સુરત એરપોર્ટ પર નવા ટર્મિનલ બિલ્ડિંગનું લોકર્પણ કરવા માટે આવ્યા હતા ત્યારે તેમણે વૈશ્વિક સ્તરના વ્યાપાર અને વિનિમયને ધ્યાનમાં લઈ નર્મદ વિશ્વવિદ્યાલયને સંબોધીને તમામ યુવાઓને એક સૂચન આપ્યું હતું કે, હવે તમામ ભારતીય યુવાનો તથા દરેક વિદ્યાર્થીઓએ બહુવિધ ભાષા શીખવી જોઈએ અને તેના માટે વિવિધ ભાષાઓના કોર્સો પણ શરૂ કરવા જોઈએ કે જેથી ભવિષ્યમાં ભારત દેશ સાથે વિશ્વના ઘણા બધા દેશોના ધંધાકીય પ્રવૃત્તિ માટે ભારત સાથે સંકળાશે તો તેમને લેન્ગ્વેજ ઈન્ટરપ્રિટર તરીકેની તકો ઊભી થશે તેથી તમામ શિક્ષણવિદોને વિવિધ ભાષાઓના ઈન્ટરપ્રિટર તરીકેનું જ્ઞાન અને કૌશલ્યનો વિકાસ થાય એવા અભ્યાસક્રમો શરૂ કરવા માટેનું સૂચન આપ્યું ત્યારે ભારતના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના અદ્‌ભૂત વિચારને સાકાર કરવા માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ વિદ્યાર્થીઓના હિત અને ભારતના ઉજ્જવળ ભવિષ્યને જોડાયેલા વિચારને અમલ મુકવા ત્વરિત નિર્ણય લઈને ગુજરાતના માન. શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરિયાની પ્રેરક ઉપસ્થિતિ અને માર્ગદર્શન હેઠળ વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, સિન્ડિકેટ સભ્યશ્રીઓ, વહીવટી વિભાગના વડાશ્રીઓ તથા તમામ શિક્ષણવિદો સાથે એકેડમિક કાઉન્સિલની સભામાં મહત્વના નિર્ણયો લીધા છે. તેમજ આ બાબતે માનનીય શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરિયાએ રાજ્ય સરકારશ્રીનો સંપૂર્ણ સાથ સહકાર મળી રહેશે તેમ જણાવ્યું હતું.

ઉપરાંત માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ડાયમંડ બુર્સના ઉદ્‌ઘાટન પ્રસંગે આર્કિટેક વિદ્યાશાખાના વિદ્યાર્થીઓને ડાયમંડ બુર્સ બિલ્ડીંગમાં સ્થાપત્ય કલા, ગ્રીન બિલ્ડીંગ અને લેન્ડસ્કેપનો અભ્યાસ કરવા સૂચન કરેલ જે બાબતે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં કાર્યરત આર્કિટેક વિભાગ દ્વારા એક આધુનિક સેલની રચના કરવામાં આવશે, આ સેલ અભ્યાસ કરી ડાયમંડ બુર્સના અધિકારીઓ સાથે વાતચીત કરીને તેની સાથે સંકલન કરશે અને બીજા ઘણા પ્રોગ્રામની રચના કરશે. ઉપરાંત શાળા અને અલગ અલગ સંસ્થામાં પણ જણાવવામાં આવશે કે જેઓને વિદ્યાર્થીઓને ડાયમંડ બુર્સની મુલાકાત કરાવવી હોય તો વિશ્વવિદ્યાલયના આ આધુનિક સેલ એક ગાઇડ તરીકે કામ કરશે, ત્યારબાદ ડાયમંડ બુર્સ પર અભ્યાસ કરીને એક સાહિત્ય બનાવવામાં આવશે એ સાહિત્ય શાળા અને અલગ અલગ સંસ્થામાં મોકલશે તેવી રીતે લોકલ ગાઈડ તરીકે કામ કરશે.

તા. ૧૭/૧૨/૨૦૨૩ના રોજની એકેડમિક કાઉન્સિલની સભામાં મહત્વના નિર્ણયો લીધા છે જે નીચે પ્રમાણે છે.

વિશ્વવિદ્યાલય ખાતે સેન્ટર ફોર ફોરેન લેન્ગવેજિસની સ્થાપના તથા વિવિધ ભાષાઓના ઈન્ટરપ્રિટર તેમજ ટ્રાન્સલેટર તરીકેનું જ્ઞાન અને કૌશલ્યનો વિકાસ થાય તેવા સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો ચાલું કરવામાં આવશે. તદુપરાંત આગામી ટૂંક સમયમાં નીચે મુજબના વૈશ્વિક ભાષાઓના સર્ટિફિકેટ કોર્સો શરૂ કરવામાં આવશે.

| |
|---|
| Certificate Course Language Interpretation Using AI |
| Certificate Course in German Language |
| Certificate Course in French Language |
| Certificate Course in Spanish Language |
| Certificate Course in Chinese Language |
| Certificate Course in Japanese Language |
| Certificate Course in Dutch Language |
| Certificate Course in Swedish Language |
| Certificate Course in Finnish Language |
| Certificate Course in Korean Language |

ઉપરાંત, અન્ય નવી ભાષાઓના અભ્યાસક્રમો પણ શરૂ કરવામાં આવશે.

## વિશ્વવિદ્યાલયની સ્થાપનાના ૬૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે ૬૦ વર્ષના લોગોનો લોન્ચિંગ કાર્યક્રમ યોજાયો




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના સેનેટ હોલ ખાતે તા. ૨૭ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ બપોરે ૨:૩૦ કલાકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની સ્થાપનાના ૬૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે ૬૦ વર્ષના લોગોના લોન્ચિંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. વિશ્વવિદ્યાલયની સ્થાપનાના ૬૦ વર્ષની ઉજવણી માટેનો આ લોગો ફાઈન આર્ટ્સ અને ઇન્ટિરીયર ડિઝાઈન વિભાગના સંયોજકશ્રી મેહુલ પટેલ અને તેમની ટીમ દ્વારા તથા કિલ્લા પારડીની બાજુમાં આવેલ ઉમરસાડી ગામમાં આવેલ ફોરેસ્ટ એન ઓસનના સહયોગથી તૈયાર કરવામાં આવેલ છે. વિશ્વવિદ્યાલયના આ લોગોમાં દક્ષિણ ગુજરાતની પરંપરાગત વારલી આર્ટને સમાવિષ્ટ કરવામાં આવેલ છે, સાથે સાથે એમની પરંપરામાં ઉપયોગમાં લેવામાં આવતા વાદ્ય, સંગીત અને કુદરતી પ્રદાર્થનો ઉપયોગ કરવામાં આવેલ છે. લોગોમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના મુખ્ય પ્રવેશદ્વારને આવરી લેવામાં આવેલ છે અને આ લોગો માટે મોસન ગ્રાફિક્સ દ્વારા ૨૭ સેકન્ડની રીલ બનાવવામાં આવી છે, જે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના આવનારા ૬૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે રીપ્રેઝન્ટ કરવામાં આવશે. સાથે સાથે વિશ્વવિદ્યાલય પરિસર ખાતે લોગોની ઘમમાં કૃતિ લગાવવામાં આવનાર છે. આ લોગોનો વિશ્વવિદ્યાલયના લેટર હેડ તેમજ વિવિધ કાર્યક્રમોના આયોજનમાં ઉપયોગમાં લેવામાં આવશે, જેથી વિશ્વવિદ્યાલયની સ્થાપનાના ૬૦ વર્ષથી સંલગ્ન મહાવિદ્યાલયો, સંસ્થાઓ અને સમાજ માહિતગાર થાય. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દક્ષિણ ગુજરાત વિસ્તારની સૌથી મોટો વિસ્તાર ધરાવતી વિશ્વવિદ્યાલય હોય અને ૬૦ વર્ષની ઉજવણી કરવા જઈ રહ્યા હોય જેના ભાગરૂપે વિશ્વવિદ્યાલયના વિવિધ વિભાગો અને સંલગ્ન મહાવિદ્યાલયો દ્વાર વિવિધ કાર્યક્રમો જેવા કે સેમીનાર, કોન્ફરન્સ, રમતગમતની પ્રવૃત્તિઓ, સંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

આ લોન્ચિંગ કાર્યક્રમમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, સિન્ડિકેટ સભ્યોશ્રી સંજયભાઈ લાપસીવાલા, શ્રી હસમુખભાઈ પટેલ, શૈક્ષણિક વિભાગોના વડાશ્રીઓ, સંયોજકશ્રીઓ, વહીવટી વિભાગોના વડાશ્રીઓ તથા ૬૦ વર્ષની ઉજવણીના સમિતિના સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી દ્વારા ફાઈન આર્ટ્સ અને ઇન્ટિરીયર ડિઝાઈના સંયોજકશ્રી મેહુલ પટેલ અને તેમની ટીમને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.










## ઇન્ડિયાઝ વર્લ્ડ રેકર્ડસમાં સ્થાન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સંલગ્ન જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજના વર્ષ: ૨૦૦૧–૦૨ થી ૨૦૦૩–૦૪ દરમ્યાન બી.કોમ.ના વિદ્યાર્થી રહેલા સુનીલકુમાર ધીરૂભાઈ પટેલે કુલપતિશ્રી કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ સ્નાતકનો અભ્યાસ પૂર્ણ કરેલ. ત્યાર બાદ એલ.એલ.બી.નો અભ્યાસ શ્રી વી.ટી.ચોકસી સાર્વજનિક લો કૉલેજથી પૂર્ણ કરેલ છે. કહ્યું છે ને કે – શોખ મોટી વસ્તુ છે – એ વાતને ચરિતાર્થ કરતા કેટલાક લોકો તેમના શોખને એકસટ્રિમ લેવલ સુધી લઈ જઈને અનોખી સિદ્ધિ પણ પ્રાપ્ત કરતા હોય છે. આવું જ કંઈક સુરતમાં રહેતા સુનિલકુમાર પટેલે કરી બતાવ્યું છે. એમણે સંગ્રહ કરેલ રૂપિયા ૫૦૦ની સ્ટાર શ્રેણીની નોટોનાં કલેકશન થકી ઈન્ડિયાઝ વર્લ્ડ રેકર્ડસમાં રેકર્ડ બનાવ્યો છે. આ વર્લ્ડ રેકર્ડમાં સમાન્તરે ચાર વર્લ્ડ રેકર્ડ નોંધાયેલ છે. તેઓ વ્યવસાયે વકીલ છે અને અમરેલી જિલ્લાના ધુધરાળા ગામના વતની છે તેમજ હાલ સુરતમાં રહે છે, તેમણે વિવિધ સ્ટાર શ્રેણીની ૫૦૦ રૂપિયાની ભારતીય ચલણી નોટોનો સૌથી મોટો સંગ્રહ કરી રેકોર્ડ બનાવેલ છે. તેમની પાસે રૂપિયા ૫૦૦નાં મૂલ્યની ૩૫૧ ભારતીય ચલણી નોટોનો સંગ્રહ છે. જેમાં પ્રત્યેકનો અનન્ય સિરીયલ નંબર અને સ્ટાર માર્ક છે, જેને સ્ટાર સિરીઝ નોટ્સ તરીકે ઓળખવામાં આવે છે. તે તમામ નોટોમાંથી ૯૪ નોટોમાં પ્રિન્ટિંગ યર, ગર્વનર, પ્રિફીક્સ, ઈન્સેટ અને વિવિધ પ્રકારની સિરીયલ નંબરવાળી નોટ્સનો સંગ્રહ છે. તેમના સંગ્રહમાં ૫૦૦ રૂપિયાની યુનિક નોટોનો પણ સમાવેશ થાય છે, જેમાં અલગ–અલગ સિરીયલ નંબરો હોય છે, જે સ્ટાર–ક્રમાંકિત હોય છે, જેમનો શરૂઆતમાં ૭૮૬, અંતમાં ૭૮૬, મધ્યમાં ૭૮૬, અને વિપરીત ક્રમમાં ૭૮૬ હોય છે. તેમના સંગ્રહમાં એક સ્ટાર સિરીઝ ૫૦૦ રૂપિયાની નોટ છે, જે અશોક ચિહ્ન સાથે છપાયેલી નથી. દરેક નોટનો સંગ્રહ સ્ટાર પ્રતીક સાથે શરૂ થાય છે. જેમણે આ વર્લ્ડ રેકર્ડ બનાવી પટેલ સમાજ, સમગ્ર સુરત જિલ્લો તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય માટે ગૌરવનું કામ કરેલ છે. દરેક વિદ્યાર્થીઓ કે જેઓ પોતાનામાં રહેલી કળાઓ વિકસાવી પોતાનું, રાજ્યનું તથા દેશનું નામ રોશન કરે તેવી દરેક વિદ્યાર્થીઓને આ સુનિલકુમારના વર્લ્ડ રેકર્ડથી પ્રેરણા લઈને વિવિધ રેકોર્ડ બનાવે તેવી શુભેચ્છાઓ.














IWR Foundation
Jamshedpur, Jharkhand, India.
www.indiasworldrecords.co.in

Certificate

*The Largest Collection of Different Star Series 500 Rupee Indian Currency Notes.*

*This certificate is presented to*

**Advocate Sunilkumar Dhirubhai Patel**

D.O.B. – 02/06/1984, S/O. Mr. Dhirubhai Jerambhai Patel & Mrs. Ramaben Dhirubhai Patel
From Surat, Gujarat, India.

*He owns a collection of 351 Indian currency notes totalling Rs.500 denomination, each with a unique serial number and star mark (known as the Star Series Notes). 94 out of all are unique like Printing Year, Governor, Prefix, and Inset different types of Serial Number Notes. His collection also consists of 500 rupee notes with serial numbers that are star-numbered, ranging from 786 at the beginning to 786 at the end, 786 in the middle, and 786 in reverse order. There is a Star Series 500 Rupee note in his collection that isn't printed with the Ashok Chakra symbol. Every note's denomination begins with the star symbol.*

Pranava Kumar
Founder – IWR Foundation

| Priyanka Mehta | V. M. Samuel | Shadab. |
| --- | --- | --- |
| Approved By | Recorded By | Verified By |
| Record Number: 575/23 | Record ID: IWR-01/2311/23 | Date: 23.11.2023 |

## અમદાવાદના ભાગવત વિદ્યાપીઠ ખાતે યોજાયેલ લાગણીસભર કાર્યક્રમમાં બાયોસાયન્સ વિભાગના નિવૃત્ત પ્રોફેસર મીનુ પરબીઆનું સન્માન કરાયું

અમદાવાદ સ્થિત સંસ્થા સૃષ્ટિ, ભારતભરમાંથી પરંપરાગત જ્ઞાન વારસાના મોતીઓ શોધી કાઢી તેમને પ્રોત્સાહન આપે છે એટલું જ નહી એમના ઉપયોગી વિચારોને મૂર્ત સ્વરૂપ આપી તેને વ્યવહારિક ઉપયોગ સુધી દોરી જાય છે. પ્રતિવર્ષ સૃષ્ટિના સ્થાપક પ્રાધ્યાપક અનિલ ગુપ્તા ભારતના અંતરિયાળ પ્રદેશો અને ગ્રામ્ય પ્રદેશોમાં પોતાના મિત્રો સાથે ભ્રમણ કરે છે. એમના સ્કાઉટ્સ પણ સતત લોક સંપર્ક જાળવીને પ્રજામાંથી પોતાની કોઠાસૂઝ વાપરી કશું ઉપયોગી કરનારને શોધી કાઢે છે. દેશના ખૂણાઓમાં પડેલી પ્રતિભાઓની શોધ ઉપરાંત, ખેતીમાં નાવીન્ય લાવનાર, અનાજની નવી જાતો તૈયાર કરનાર કે, જૂની જાતોનું સંવર્ધન કરનાર, વાનસ્પતિક ઔષધોનું સંશોધન અને જતન કરનારને શોધી કાઢી એમના કાર્યને દેશ, સમાજ સમક્ષ ઉજાગર કરે છે. પ્રતિ વર્ષ અમદાવાદ ખાતે ચાર દિવસીય સાત્વિક મહોત્સવ ઉજવે છે. જેમાં ખેડૂતો અને સંશોધકો પોતાની ઉપજો લઈને આવતા હોય છે. આ મહોત્સવ દરમિયાન દેશમાંથી આવાં વિશિષ્ટ કામો કરનારને શોધી કાઢી તેમનું જાહેર સન્માન યોજે છે. વર્ષ ૨૦૨૩માં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત બાયોસાયન્સ વિભાગના નિવૃત્ત પ્રાધ્યાપક મીનુ પરબીઆનું સન્માન એમના વનૌષધિ સંશોધન, સંવર્ધન અને ભારતીય જ્ઞાન વારસાના જતન માટે કરેલા જીવન ભરના પ્રદાન બદલ કર્યું છે. અમદાવાદમાં ભાગવત વિદ્યાપીઠ ખાતે યોજાયેલ લાગણીસભર કાર્યક્રમમાં શ્રી પ્રવીણકાંત કે. લહેરી, પ્રાધ્યાપક અનિલ ગુપ્તા અને ડૉ. ભાસ્કરનાં વરદ હસ્તે ડૉ. મીનુ પરબીઆનું સન્માન કરાયું. જે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય માટે ગૌરવની વાત છે.

## ૫૦મા યુવા સ્વર્ણિમ મહોત્સવ અંતર્ગત કળાયાત્રા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત દ્વારા તા. ૨ થી ૬ જાન્યુઆરી દરમ્યાન ૫૦મા યુવા સ્વર્ણિમ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિશ્વવિદ્યાલયના તમામ વિભાગો અને તેને સંલગ્ન તમામ મહાવિદ્યાલયે ભાગ લીધો હતો. તા. ૨/૧/૨૦૨૪ના રોજ યુવા મહોત્સવના આરંભે સવારે ૮:૦૦ કલાકે વિશ્વવિદ્યાલય પરિસરમાં કળાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિશ્વવિદ્યાલયના જુદા જુદા વિભાગના તમામ કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ જોડાયા હતા. કળાયાત્રામાં મહત્વપૂર્ણ શ્રી રામોત્સવ થીમની સાથે સાથે બીજી કેટલીક થીમનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. કળાયાત્રા દરમ્યાન ભારતીય સંસ્કૃતિની વિભિન્ન ઝલકો પ્રદર્શિત કરવામાં આવી હતી. કળાયાત્રાનો આરંભ વિશ્વવિદ્યાલયના મુખ્ય પ્રવેશ દ્વારથી વિશ્વવિદ્યાલયના તમામ વિભાગોથી પસાર થઈ હતી. તે દરમિયાન દરેક વિભાગે કળાયાત્રાનું સ્વાગત પોતપોતાની રીતે જુદા જુદા અંદાઝમાં કર્યુ હતુ. છેલ્લા વિશ્વવિદ્યાલયના કન્વેન્શન હોલ ખાતે તેનું સમાપન કરવામાં આવ્યું હતું. આ સિવાય વિશ્વવિદ્યાલય વિસ્તારમાં આવેલ તમામ મહાવિદ્યાલયે પોતપોતાની રીતે સ્વર્ણિમ યુવા મહોત્સવના આરંભની ઉજવણી કરી હતી.

## આંતર વિશ્વવિદ્યાલય બાસ્કેટ બોલ (બહેનો) પ્રતિયોગિતા

આઈ.ટી.એમ.ગ્વાલિયર મુકામે આંતર વિશ્વવિદ્યાલય બાસ્કેટ બોલ (બહેનો) પ્રતિયોગિતામાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ વિશ્વવિદ્યાલય પરિસર ખાતે યોજાયો હતો. જેમાં અતિથિ વિશેષ પદે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા હાજર રહ્યા હતા. યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના ઓ.એસ.ડી. ડૉ. પ્રકાશચંદ્ર પટેલ દ્વારા વિશ્વવિદ્યાલયનું નામ રમત–ગમત ક્ષેત્રે કીર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી વિશ્વવિદ્યાલય ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. ત્યારબાદ ખેલાડીઓનો પરિચય કરાવ્યા બાદ આભારવિધિ કરી હતી. ટીમના કોચ તરીકે શ્રી કરણ ગજ્જર અને મેનેજર તરીકે શ્રી પ્રો. ભારતીબેન પરમાર સેવા આપી રહ્યા છે.

**(બહેનો)ની આંતર વિશ્વવિદ્યાલય ટીમ:**

| | | |
|---|---|---|
| ૧ | કુ.સોરઠિયા કશિશ આર. | એમ.ટી.બી. આટર્સ કૉલેજ,સુરત. |
| ૨ | કુ.કનોજિયા ઋત્વીબેન એસ. | જે.બી.ધારુકાવાળા, સુરત. |
| ૩ | કુ.બોરડા ધ્વનિ જે. | સ્મીમેર, સુરત. |
| ૪ | કુ.પટેલ વૃતિકા એ. | એસ.એસ. અગ્રવાલ, નવસારી. |
| ૫ | કુ.જૈન તનુશ્રી જી. | ડી.આર.બી. અને એન.આઈ એમ. ભરથાણા. |
| ૬ | કુ.જૈન કૃતિકા જે. | |
| ૭ | કુ.શેટટી દિવ્યાંગી ડી. | એસ.ડી.જે. કૉલેજ, વેસુ. |
| ૮ | કુ.ચૌધરી હેત્વીબેન વી. | સરકારી વિજ્ઞાન મહાવિદ્યાલય, આહવા. |
| ૯ | કુ.ગામિત જાગૃતિબેન ડી. | |
| ૧૦ | કુ. થોરટ શારદાબેન આર. | |
| ૧૧ | કુ.ભોયે જ્યોતિબેન વી. | |
| ૧૨ | કુ.મહેતા મહેક એમ. | અગ્રવાલ વિદ્યાવિહાર, સુરત. |

## યોગા (ભાઈઓ–બહેનો) ૨૦૨૩–૨૪

સાઉથ વેસ્ટ ઝોન આંતર વિશ્વવિદ્યાલય યોગા (ભાઈઓ–બહેનો) સ્પર્ધા ૨૦૨૩–૨૪નું આયોજન અન્ના વિશ્વવિદ્યાલય, ચેન્નઈ મુકામે તા. ૧/૧૨/૨૦૨૩ થી ૪/૧૨/૨૦૨૩ દરમ્યાન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં ૧૨૦ જેટલી વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની યોગા (ભાઈઓ–બહેનો)ની આંતર વિશ્વવિદ્યાલય ટીમ અન્ના વિશ્વવિદ્યાલય, ચેન્નઈ મુકામે રમવા માટે ગઈ હતી. જેમાં બહેનોની ટીમે ૬ (છઠ્ઠો) ક્રમાંક પ્રાપ્ત કરેલ છે. ટીમના કોચ તરીકે શ્રી દિપેશ સુખડિયા, ભાઈઓના મેનેજર તરીકે શ્રી ડૉ. જયેશભાઈ બુટાની તથા બહેનોના મેનેજર તરીકે કુ. ધર્મિષ્ઠા પટેલે સેવા આપી રહ્યા છે. ખેલાડીઓની આ ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, યુ.ક. અને શા.શિ. વિભાગના ઓ.એસ.ડી. ડૉ. પ્રકાશચંદ્ર પટેલ, બોર્ડ ઓફ સ્પોર્ટસના સભ્યશ્રીઓ, સેનેટ–સિન્ડિકેટ સભ્યશ્રીઓ તેમજ શારિરીક શિક્ષણના વ્યાખ્યાતાઓએ અભિનંદન પાઠવ્યા હતા.

## Department of Biotechnology

### ૧૫ દિવસીય ક્રેશ કોર્સનું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના બાયોટેકનોલોજી વિભાગ દ્વારા વિશ્વવિદ્યાલય અને તેની સંલગ્ન મહાવિદ્યાલયમાં અભ્યાસ કરતા બાયોટેકનોલોજી અને માઈક્રોબાયોલોજીના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓ માટે ૪ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ GSBTM દ્વારા પ્રાયોજિત પંદર દિવસીય 'ઇન્ટેન્સિવ ક્રેશ કોર્સ'નું આયોજન કરવામાં આવ્યું હતું. ઉદ્ઘાટનસત્ર દરમ્યાન વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન.ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, વિભાગના સંયોજક ડૉ. ગૌરવ શાહ, ક્રેશ કોર્સના અધ્યક્ષ, ડૉ. રેખા ગઢવી, UG CBC સેલ, ડૉ. માનસી મહેતા, નાયબ સંયોજક UG CBC તથા વિભાગના તમામ શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીઓ સહિત વિવિધ મહાવિદ્યાલયોમાંથી ૮૯ સહભાગીઓ હાજર રહ્યા હતા. તા.૪ ડિસેમ્બરથી ૧૮ ડિસેમ્બર ૨૦૨૩ સુધી યોજોયેલ ક્રેસ કોર્સ અંતર્ગત વિદ્યાર્થીઓ માટે કુલ ૧૨૦ કલાક કે જેમાં બે કલાકનું એક સત્ર એવા કુલ ૬૦ સત્રો માટે દક્ષિણ ગુજરાતની વિવિધ વિશ્વવિદ્યાલયો અને મહાવિદ્યાલયલોમાંથી ૪૫ જેટલા વિવિધ અધ્યાપકોને આમંત્રિત કરવામાં આવ્યા હતા. વિભાગ દ્વારા પ્રતિભાગીઓને રોજનો નાસ્તો, જમવાનું અને ચા તેમજ અન્ય મહાવિદ્યાલય તથા શહેરમાંથી આવેલા વિદ્યાર્થીઓ માટે રહેવાની અને રાત્રી ભોજનની સુવિધા પણ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓની પ્રગતિનું મૂલ્યાંકન કરવા માટે વચ્ચે કુલ ૪ પરીક્ષાના સત્રો લેવામાં આવ્યા હતા.

ક્રેશ કોર્સના અંતિમ દિવસે, વિદાય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં વિશ્વવિદ્યાલયના કુલગુરુશ્રી ડૉ. કે.એન.ચાવડા વિદ્યાર્થીઓનું અભિવાદન કરવા ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ પૂર્ણ થયાનું પ્રમાણપત્ર અર્પણ કરીને સફળતાપૂર્વક અભ્યાસક્રમનું સંચાલન કરવા બદલ વિદ્યાર્થીઓ અને કર્મચારીના પ્રયત્નોની પ્રશંસા કરી હતી. આ ઉપરાંત, વિવિધ મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ પાસેથી કોર્સ અંગેના પ્રતિભાવો લેવામાં આવ્યા હતા. અંતમાં, ડૉ. ગૌરવ શાહે ક્રેશ કોર્સમાં સંકળાયેલા તમામ કર્મચારીનું અભિવાદન કર્યું હતું અને અન્ય મહાવિદ્યાલયમાંથી આવનાર વિદ્યાર્થીઓને ભાગ લેવા બદલ મહાવિદ્યાલયના વડા સહિત દરેકનો આભાર માન્યો હતો.
















## Department of Chemistry

### એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન

રસાયણશાસ્ત્ર વિભાગે તા. ૯ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ રાસાયણિક વિજ્ઞાનમાં ભવિષ્યના સંશોધન પર એક દિવસીય રાષ્ટ્રીય પરિષદનું આયોજન કર્યુ હતું. જેમા ૧૦૫ વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી હતી તેમજ ૨૦ રિસેર્ચ સ્કોલરે વક્તૃત્વ અને ૪૦ એ પોસ્ટર પ્રસ્તૃતિમાં પોતાનો પરિચય આપ્યો હતો. સરદાર પટેલ વિશ્વવિદ્યાલયના રસાયણશાસ્ત્ર વિભાગના વડાશ્રી પ્રાધ્યાપક એન.જે.પરમાર અને મરીન કેમિકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, ભાવનગરના વરિષ્ઠ સાયન્ટિસ્ટ અને CSIRના પ્રોફેસરને મુખ્ય વક્તા તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતાં. પ્રાધ્યાપક એન.જે.પરમારે પ્રયોગમાં મદદરૂપ થતી વિવિધ રાસાયણિક પ્રતિક્રિયાઓને કઈ રીતે પરંપરાગત પદ્ધતિઓ અને ઘરેલું જીવનમાં તેમના ઉપયોગને બદલે કેવી રીતે હરિયાળી રીતનો ઉપયોગ કરી શકાય છે. તેમજ એવી પદ્ધતિઓ જેના દ્વારા પ્રદૂષણને નિયંત્રિત કરી શકાય છે. એના વિશે ખૂબ જ રસપ્રદ રીતે સમજાવ્યું હતું. મૌખિક અને પોસ્ટર પ્રેઝન્ટેશનમાં દવાઓમાં વપરાતા સંયોજનો તૈયાર કરવા માટેની હરિયાળી પદ્ધતિઓ, સર્ફેક્ટન્ટ અને આયનીય પ્રવાહીના ગુણધર્મો બદલવાની સરળ પદ્ધતિઓ, ફાર્મા ઉત્પાદનો તૈયાર કરવા માટેની વિવિધ પદ્ધતિઓ, ઉત્પ્રેરકનું ઉત્પાદન જે પ્રતિક્રિયાઓને ઝડપી અને સરળ બનાવા, કુદરતી કચરાના ઉત્પાદનોનું પૃથ્થકરણ અને તેમને છોડવાની પદ્ધતિઓ, પર્યાવરણમાંથી કચરો દૂર કરવાની પદ્ધતિઓ જેવા વિષયોનો સમાવેશ થયા છે. SVNITના રસાયણશાસ્ત્ર વિભાગના ડૉ. કલ્પના માહેરિયા અને ડૉ. પ્રેમલતા કુમારીએ તમામ પોસ્ટરો અને મૌખિક પ્રસ્તુતિઓને નિરક્ષણ કરી નિર્ણાયકની ભૂમિકા ભજવી હતી. પરિસંવાદનો મુખ્ય ઉદ્દેશ્ય વૈવિધ્યસભર જ્ઞાન અને અનુભવો ધરાવતા સંશોધકોના વિકાસ માટે, ગુણવત્તાયુક્ત નિર્ણય લેવાની ક્ષમતા વધારવા અને સંશોધન જ્ઞાનના સર્વોચ્ચ ઉપયોગને પ્રોત્સાહન આપવાનું મુખ્ય પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે. ભાવેશ રાઠોડ, દીક્ષિતા પટેલ, સુજીત ઝા, ગીતા પટેલ, હેમિલ પટેલ અને હેમાંગી દેસાઈ ઓરલ પ્રેઝન્ટેશનના વિજેતા બન્યા હતાં. પોસ્ટર પ્રેઝન્ટેશનમાં કૃણાલ પટેલ, ખ્યાતિ ભારતી, રાહિલ શેખ, ભાવિન પટેલ, કામિની પટેલ અને અજય પટેલ વિજેતા બન્યા હતા.















## Department of Interior Design

### વાંસની ખુરશી (Bamboo Chair) માટે પેટન્ટી પ્રાપ્તિ





વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના ઇન્ટિરીયર ડિઝાઈન વિભાગના મદદનીશ અધ્યાપકશ્રી અંકિતકુમાર એમ. ચાંગાવાલાએ વાંસની ખુરશી (Bamboo Chair) માટે પેટન્ટ પ્રાપ્ત કરી છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી હંમેશા આ બાબતે પ્રેરણાદાયી બન્યા છે. આ પેટન્ટમાં દક્ષિણ ગુજરાતમાં વાંસની સ્થાનિક પ્રજાતિ બામ્બોઝાનો ઉપયોગ કરીને ટકાઉ અભિગમ દર્શાવવામાં આવ્યો છે. લાકડા અને પ્લાસ્ટિકના વિકલ્પ તરીકે વાંસના ટકાઉપણાની સાથે, હકારાત્મક પર્યાવરણીય અસરમાં ફાળો આપી શકે છે. શહેરી સંદર્ભને ધ્યાનમાં લેતા, લાકડાની ખુરશીઓની સરખામણીમાં તેના હળવા વજનને કારણે વાંસની ખુરશી શહેરી જગ્યાઓ માટે યોગ્ય લાગે છે, જે તેને વધુ અનુકૂળ બનાવે છે. ઇકો-ફ્રેન્ડલી હોવા ઉપરાંત, સ્થાનિક કારીગરોને સામેલ કરવાથી તેમને રોજગારી મળશે અને સ્થાનિક અર્થતંત્રને વેગ મળશે. ડિઝાઈનમાં વાંસનો મહત્તમ ઉપયોગ માત્ર પર્યાવરણીય ચેતનાને જ પ્રોત્સાહન આપતું નથી પરંતુ પરંપરાગત સામગ્રીનો એક સક્ષમ વિકલ્પ પણ પૂરો પાડે છે. એકંદરે વાંસની ખુરશી શોભા અને ટકાઉપણું બંને માટે સમકાલીન જરૂરિયાતોને પૂરી પાડે છે. ભારત સરકારની પેટન્ટ ઓફીસે એમને તા. ૦૧/૧૨/૨૦૨૩ના રોજ પેટન્ટ કે જેનો ડિઝાઈન નંબર 395154-001થી એનાયત કરવામાં આવી છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી અને ઇન્ટિરીયર ડિઝાઈન વિભાગના સંયોજકશ્રી મેહુલ પટેલ તથા સમગ્ર વિશ્વવિદ્યાલય પરિવાર તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

## Department of Commerce

### NSS અંતર્ગત વૃદ્ધાશ્રમની મુલાકાત

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કોમર્સ વિભાગ દ્વારા તા. ૨૬ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ કોમર્સ વિભાગના સંયોજકશ્રી ડૉ. ફાલ્ગુની એમ. ઠક્કરના સંચાલન અને NSS પ્રોગ્રામ ઓફિસર પ્રા. મુકેશ રોહિતના માર્ગદર્શન હેઠળ વૃદ્ધાશ્રમની મુલાકાતનું આયોજન કર્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ ખૂબ જ મોટી સંખ્યામાં જોડાયા હતા. મુલાકાતનો હેતુ સામાજિક જવાબદારીને પ્રોત્સાહન આપવાનો અને વિદ્યાર્થીઓને સામુદાયિક સેવામાં જોડવાનો હતો. મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓએ ઇન્ટરેક્ટિવ સત્રો, સાંસ્કૃતિક પ્રદર્શન અને મનોરંજન કાર્યક્રમો સહિત વિવિધ પ્રવૃત્તિઓમાં સક્રિયપણે ભાગ લીધો હતો. આ પ્રવૃત્તિઓ વૃદ્ધ રહેવાસીઓ માટે સકારાત્મક અને ઉત્તેજક વાતાવરણ બનાવવા અને તેમની એકંદર સુખાકારીને વધારવા માટે કરવામાં આવી હતી. કોમર્સ વિભાગના સંયોજકશ્રી ડૉ. ફાલ્ગુની એમ. ઠક્કરે વિદ્યાર્થીઓનું ઊષ્માભર્યું સ્વાગત કરવા અને તેમને વૃદ્ધ નિવાસીઓ સાથે વાર્તાલાપ કરવાની તક પૂરી પાડવા બદલ સમગ્ર વિભાગ તરફથી ભારતીમૈયા આનંદધામ વૃદ્ધાશ્રમનો આભાર વ્યક્ત કર્યો અને સાથે સાથે વૃદ્ધોની સંભાળ અને આદરની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે આવી પહેલના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો.







## Department of Sociology

### વિકસિત ભારત - 2047 કાર્યક્રમનું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના સમાજશાસ્ત્ર વિભાગ અંતર્ગત ચાલતા એમ.એસ.ડબલ્યુ પ્રોગ્રામ અને ચિલ્ડ્રન વિશ્વવિદ્યાલય ગાંધીનગરનાં સંયુકત ઉપક્રમે વ્યાખ્યાનનું આયોજન કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીના માર્ગદર્શન હેઠળ તા. ૨૭/૧૨/૨૦૨૩ બુધવારના રોજ 'વિકસિત ભારત-2047' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ચિલ્ડ્રન વિશ્વવિદ્યાલયના અધ્યાપક શ્રીમતી કિષ્ના ઠક્કરે વકતા તરીકે માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં વિભાગના અધ્યક્ષ ડૉ. એમ.એન.ગાયકવાડ તથા એમ.એસ. ડબલ્યુ પ્રોગ્રામનાં સંયોજક ડૉ. અરુણ પંડયા તથા અધ્યાપકોએ હાજર રહીને વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કર્યો હતો. કાર્યક્રમના ઓર્ગેનાઈઝર તરીકે ડૉ. મનોજ શર્મા (એમ.એસ.ડબલ્યુ અધ્યાપક)એ કામગીરી કરી હતી. કાર્યક્રમનું સંચાલન એમ.એસ.ડબલ્યુની વિદ્યાર્થીની કુ.જાનવી પંડયા તથા આભારવિધિ એકતા રોયે કરી હતી.







## Ph.D.

Notification Received in the University Libraryduring the 25th May 2023 to 21st October 2023.

**BIOSCIENCE (BIOTECHNOLOGY)**

1. Jokhakar, Priyanka Harenkumar. Exploration of Microorganisms for Degradation of pesticide. (Guide: Dr. Pravinbhai Dudhagara, Assistant Professor, Department of Bioscience, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2794.

2. Patel, Swatiben Mansukhbhai. Biodegradation of Hydrocarbon and Generation of Electricity Using Microbial Fuel Cell”. (Guide: Dr.Gaurav Shah, Associate Professor & Co-Ordinator, Department of Biotechnology, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2799.

**BIOSCIENCE (BOTANY)**

**1.** Das, Ayantika Shanti. Environmental and Anthropogenic Influences upon Plants in Valsad District of South Gujarat. (Guide: Dr. Jignaben Desai, Associate Professor, Department of Bioscience, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2693.

**BIOSCIENCE (MICROBIOLOGY)**

1. Patel, Vrajeshbhai Dayanand. Increase in Bioavailability of Nutrients from Fly Ash by Plant Growth Promoting Rhizobacteria-PGPR. (Guide: Dr. Kailash P. Patel, Professor & Head, Department of Bioscience, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2809.

**BIOSCIENCE (ZOOLOGY)**

1. Surti, Malvi Nailesh. Functional Characterization of Anti–Biofilm and Anti–Cancer Potential of Ilimaquinone (Sesquiterpene Quinone) Derived from Marine Sponges. (Guide: Dr. M. N. Reddy Ex. Professor & Head, Department of Biosciences, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2819.

**CHEMISTRY**

1 Desai, Khushbuben Bharatbhai. Synthesis of Quinazolinone Based Monoazo Reactive Dyes and Their Dyeing Performance on Various Fibres. (Guide: Dr. Paresh S. Patel, Professor, Department of Chemistry, Veer Narmad

South Gujarat University, Surat). Ph.D. Notification No.2808.

2. Dhobi, Dipakkumar Dashrathbhai. Extraction of Biodegradable Polymers, Synthesis of Hydrogel and Its Applications. (Guide: Dr. Hemangi H. Desai, Assistant Professor, Shree Ramkrishna Institute of Computer Education & Applied Sciences, Surat). Ph.D. Notification No.2812.

3. Patel, Geetaben Vashrambhai. Semi-Conductor and Oxidant Mediated Removal of Agricultural Pollutants. (Guide: Dr. Saurabh K. Patel, Professor & Head, Department of Chemistry, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2692.

4. Patel, Lavish Hemant. Synthesis, Characterization and Biological Evaluation of some Chromenopyrimidine Derivatives. (Guide: Dr. Paresh S. Patel, Professor, Department of Chemistry, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2856.

5. Patel, Meghakumari Anilkumar. Synthesis of Thieno [2,3-d] Pyrimidine Based Heterocyclic Compounds and Their Biological Evaluation. (Guide: Dr. Paresh S. Patel, Professor, Department of Chemistry, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2837.

6. Patel, Parth Pravinbhai. Newer Analogous of N & O-containing Spiro Compounds: Their Design, Synthesis and Biological Evaluation. (Guide: Dr. N. B. Patel, Ex.Professor & Head, Department of Chemistry, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2818.

7. Sharma, Renu. Deep Eutectic Solvents: Synthesis, Thermophysical Properties and Liquid-Liquid Phase Equilibria. (Guide: Dr. Sushma P. Ijardar, Assistant Professor, Department of Chemistry, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2826.

**COMMERCE**

1. Modh, Chintalben Chintan. A Study on Long Term Effect of Personal Financial Planning on Wealth Creation and Financial Freedom of Individuals of Selected Cities of South Gujarat. (Guide: Dr. Rashmi B. Mehta, Associate Professor, Smt. C.D.J Rofel Arts & Smt. I.S.R.A Rofel Commerce College, Vapi). Ph.D. Notification No.2845.

2. Patel, Upasna Nirmalbhai. A Study of Customers Satisfaction Towards Selected Online Food Ordering and Delivery Service Providers With Special Reference to Surat City. (Guide: Dr. Chetan C. Patel, Associate Professor, Ambaba Commerce College, Maniba Institute of Business Management & Deviba Institute of Computer Application, Sabargam). Ph.D. Notification No.2811.

3. Sharma, Hitesh Shyamlal. A Study of Passenger Satisfaction Towards Off-board Services Provided At Railway Stations with Special Reference to Surat Railway Station. (Guide: Dr. Anita Rana, Associate Professor, Narmada College of Science and Commerce, Zadeshwar, Bharuch). Ph.D. Notification No.2851.

**COMMERCE/ACCOUNTANCY**

1. Chakrabartty, Monica Pinak. Impact of Demerger on The Financial Performance of Selected Companies. (Guide: Dr. Martina R. Noronha, Princiapl, Sir K.P College of Commerce, Athwalines, Surat). Ph.D. Notification No.2842.

2. Desai, Pratik Kiritbhai. Evaluation of Investment Performance and Perception of Investors In South Gujarat Region with Respect To Equity Linked Saving Scheme Plans of Indian Mutual Funds. (Guide: Dr. Ashish K. Desai, Principal, Sascma English Medium Commerce College, Surat). Ph.D. Notification No.2844.

3. Gamit, Rakeshkumar Sanjibhai. A Comparative Study of Financial Performance and Rate Variations in Selected Sugar Factories (with Special Reference to South Gujarat) (Guide: Dr. Rajesh D. Rana, I/c Principal, J.Z Shah Arts & H.P.Desai Commerce College, Amroli, Surat). Ph.D. Notification No.2852.

4. Jadav, Sunilbhai Motibhai. Investment Pattern and Behaviour of Tribal Working Women (with Special Reference to Valsad District) (Guide: Dr. Rajesh D. Rana, I/c Principal, J.Z Shah Arts & H.P.Desai Commerce College, Amroli, Surat). Ph.D. Notification No.2849

5. Langrana, Roshni Pollyzarina. A Study on Impact of Npa on Solvency and Profitability of Selected Deposit Accepting and Non-deposit Accepting Non-banking Finance Companies. (Guide: Dr. Purnima P. Jariwala, Ex.Associate Professor, Sir K.P College of Commerce, Athwalines, Surat). Ph.D. Notification No.2813

6. Lilawala, Pratikkumar Venilal. A Study on Social-Economy Impact of Digitalization in South Gujarat Region. (Guide: Dr. Girishkumar N. Rana, Principal, Shah N.H Commerce College, Valsad). Ph.D. Notification No.2839.

7. Makvana, Rajshree Dilipbhai. An Analytical Study of Consumer`s Satisfaction and Trust from Utilization of Mobile Commerce (M-Commerce) in Surat City. (Guide: Dr. B.N.Dhimmar, Associate Professor, J.Z Shah Arts & H.P.Desai Commerce College, Amroli, Surat). Ph.D. Notification No.2796.

8. Mistry, Rezashkumar Rameshbhai. A Study on Economical and Social Impact of Demonetization in South Gujarat Region. (Guide: Dr. Girishkumar N. Rana, Principal, Shah N.H Commerce College, Valsad). Ph.D. Notification No.2840.

9. Mistry, Tejaskumar Rameshbhai. A Study on Socio-Economic Condition of Selected Mango Cultivators (With Reference to South Gujarat). (Guide: Dr. Girishkumar N. Rana, Principal, Shah N.H Commerce College, Valsad). Ph.D. Notification No.2841.

10. Motiwala, Meghana Rajendrakumar. A Comparative Study of Operational Efficiency of Cement Industry of India. (Guide: Dr. Mehulkumar P. Desai, Principal, Udhna Citizen Commerce College & SPBCBA & SDHGCBCA & IT, Udhna, Surat). Ph.D. Notification No.2801.

11. Naik, Dharit Arunbhai. Measurement of Service Quality in Healthcare Industry: A Comparative Study of Selected Medium and Large Size Multispecialty Hospitals with Reference to Surat City. (Guide: Dr. K. N. Chavda, Vice-Chancellor, Veeer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2828.

12. Pachchigar, Bhavesh Ashokbhai. Fundamental and Technical Analysis of Companies Under Nifty IT Index. (Guide: Dr. K. N. Chavda, Vice-Chancellor, Veeer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2829.

13. Pamnani, Deepa Santosh. "Mva Vis-à-vis Eva : An Analysis of Selected Pharmaceutical Companies Listed on Bse" (Guide: Dr. Martina R. Noronha, Princiapl, Sir K.P College of Commerce, Athwalines, Surat). Ph.D. Notification No.2695.

14. Parmar, Yogeshkumar Narendrabhai. A Comparative Study of Financial Performance of Electricity Companies of Gujarat" (Guide: Dr. Rajesh D. Rana, I/c Principal, J.Z Shah Arts & H.P.Desai Commerce College, Amroli, Surat). Ph.D. Notification No.2815.

15. Pastagiya, Pratik Ketankumar. Performance Evaluation of Mutual funds in India : A Study of Selected Large –Cap, Mid-Cap and Small-Cap Mutual Funds (Guide: Dr. Madhuben B. Patel, Assistant Professor, Sir K.P College of Commerce, Athwalines, Surat). Ph.D. Notification No.2798.

16. Patel, Amitkumar Prabhakarbhai. A Study on Customer Awareness Towards Health Insurance in South Gujarat (Guide: Dr. Mukesh R. Goyani, Principal, Prof. V.B.Shah Institute of Management, R.V. Patel College of Commerce, V.L.Shah College of Commerce, Sutex Bank College of Computer Applications & Science, Amroli, Surat). Ph.D. Notification No.2827.

17. Patel, Dilshad Jal. Impact of Pre and Post Merger in Selected Public and Private Sector Banks in India: A Study from Financial Perspective (Guide: Dr. Martina R. Noronha, Princiapl, Sir K.P College of Commerce, Athwalines, Surat). Ph.D. Notification No.2847.

18. Patel, Mohitkumar Prakashchandrabhai. A Comparative Analysis of Financial Performance of Selected Plastic Companies In India. (Guide: Dr. K. N. Chavda, Vice-Chancellor, Veeer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2858.

19. Patel, Nirdoshkumar Jitendrabhai. "A Study on Financial Statements of Selected Fertilizer Companies In India" (Guide: Dr. B.N.Dhimmar, Associate Professor, J.Z Shah Arts & H.P.Desai Commerce College, Amroli, Surat). Ph.D. Notification No.2699.

20. Savaliya, Pravinkumar Jivrajbhai. "Customer Satisfaction of Agriculturalist In India -A Study of Public and Private Sector Banks In Suarat District" (Guide: Dr. Girishkumar N. Rana, Princiapl, Shah N.H Commerce College, Valsad). Ph.D. Notification No.2848

21. Tailor, Manish Harivadan. A Study on Customer Perception Towards Digital Payment System With Reference to Surat District (Guide: Dr. Mukesh R. Goyani, Principal, Prof. V.B.Shah Institute of Management, R.V. Patel College of Commerce, V.L.Shah College of Commerce, Sutex Bank College of Computer Applications & Science, Amroli, Surat). Ph.D. Notification No.2830.

22. Tailor, Sunilkumar Babubhai. Performance Evaluation of Selected Oil and Gas Companies In India. (Guide: Dr. Sanjay R. Shinde, Assistant Professor, Shri Ambalal Lalbhai Jibhai Patel & Shri Desaibhai Jadavbhai Patel Arts & Commerce College, Sarbhan, Bharuch). Ph.D. Notification No.2843.

**COMMERCE/STATISTICS**

1. Ahir, Sanjay Ramanbhai. Multi-Objective Transportation Problems and Their Solutions Using Fuzzy Programming Approach. (Guide: Dr. Harshad M. Tandel, Associate Professor, Smt. CDJ Rofel Arts & Smt. ISRA Commerce College, Vapi). Ph.D. Notification No.2697.
2. Rajput, Krunalkumar Pravinbhai. Impact of Online Service Facilities on General Retail Business in Surat City. (Guide: Dr. Sejal A. Desai, Associate Professor, J.Z Shah Arts & H.P.Desai Commerce College, Amroli, Surat). Ph.D. Notification No.2804.
3. Shah, Banti Kiritkumar. Demographic Study of Gender Ratio in India. (Guide: Dr. Sejal A. Desai, Associate Professor, J.Z Shah Arts & H.P.Desai Commerce College, Amroli, Surat). Ph.D. Notification No.2862.
4. Gamit, Sukesha Pankajbhai. Clinical Characteristics and Treatment Outcomes Among Tuberculosis and TB-HIV Co-Infected Patients At Tertiary Health Care Centre, South Gujarat India: A Mixed Method Study" (Guide: Dr. J.K. Kosambiya, Professor & Head, Dept. of Community Medicine (PSM), Govt. Medical College, Surat). Ph.D. Notification No.2863.

**COMPUTER SCIENCE**

1. Gangadwala, Hardik Ashvinbhai. A Web Usage Mining Framework for Enhancement of Predicting User's Next Request by Using Fuzzy Approach. (Guide: Dr. Ravi M. Gulati, Professor, Department of Computer Science, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2807.
2. Parikh, Megha Nalinkumar. Recognition of Frequently Used Handwritten Gujarati Conjunctive Alphabet. (Guide: Dr. Apurva A. Desai, Professor & Head, Department of Computer Science, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2805.

**ECONOMICS**

1. Bhoy, Jitubhai Kantilal. અંત્યોદય અન્ન યોજનાના લાભાર્થી કુટુંબોનો અભ્યાસ : નવસારી જિલ્લાના નગરપાલિકાઓના સંદર્ભમા. (Guide: Dr. Manish R. Patel, Assistant Professor, Department of Economics, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2803.
2. Dosh, Rakiyabibi Ismail. નગરપાલિકાની વિત્તવ્યવસ્થાનો અભ્યાસઃ નવસારી જિલ્લાના નગરપાલિકાઓના સંદર્ભમાં. (Guide: Dr. Vinodchandra N. Patel, Principal, Department of Economics, Navyug Commerce College, Rander Road, Surat). Ph.D. Notification No.2836
3. Makwana, Rakesh Nagjeebhai. ભારતમાં કાપડ ઉત્પાદકતાનો અભ્યાસ. (Guide: Dr. Jayesh Desai, Principal, Department of Economics, V.T. Chokshi College Campus, Athwalines, Surat). Ph.D. Notification No.2802.
4. Pandharkar, Pritibahen Ashokbhai. સુરત શહેરનાં હીરા ઉદ્યોગ અને કાપડ ઉદ્યોગનાં સંદર્ભમાં સ્થળાંતરિત કામદારોની સામાજીક અને આર્થિક સમસ્યાઓનો એક અભ્યાસ. (Guide: Dr. Dhaval J. Pandya, Assistant Professor, Department of Economics, Udhana Citizen Commerce College & S.P.B.C.B.A.& S.D.H.G. College of B.C.A. & I.T., Udhana, Surat). Ph.D. Notification No.2800.
5. Parmar, Sumitkumar Parsottamdas."ભરૂચ જિલ્લામાં પ્રાથમિક શિક્ષણનો વિકાસ તેનું તુલનાત્મક આર્થિક અન્વેષણ". (Guide: Dr. Vijaykumar A. Joshi, Principal, Department of Economics, M.K. College of Commerce, Bharuch). Ph.D. Notification No.2698.
6. Vankarsadhu, Rakeshbhai Rameshbhai. પશુપાલનું અર્થશાસ્ત્ર : તિલકવાડા તાલુકાના પશુપાલકોના સંદર્ભમાં આદર્શ પશુપાલન વ્યવસાયનું મુલ્યાંકન. (Guide: Dr. Vinodchandra N. Patel, Principal, Department of Economics, Navyug Commerce College Rander Road, Surat). Ph.D. Notification No.2846.

**EDUCATION**

1. Joshi, Ankurkumar Subhashchandra. સુરત જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં કન્યા કેળવણીના કાર્યક્રમોનો અભ્યાસ. (Guide: Dr. Patralekha A. Barad, Principal, Department of Education, Vivekanand College for B.ED.,Jahangirpura, Surat). Ph.D. Notification No.2821.
2. Bhagat, Robins Motibhai. Effectiveness of IWB Technology for Teaching Science and Technology Subject of Standard 8th Students of Narmada District. (Guide: Dr. Pravinchandra R. Master, Associate Professor, Department of Education, College of Education, Kharod, Ankleshwar, Bharuch ). Ph.D. Notification No.2700.

**ENGLISH**

1. Chauhan, Prashantkumar Mafatlal. Translation of Himanshi Shelat's Aathamo Rang From Gujarati Into English With a Critical Introduction. (Guide: Dr. Amit Prajapati, Professor, Department of English, Veer Narman South Gujarat University, Surat). Ph.D. Notification No.2853.

2. Desai, Kinjalkumari Gamanbhai. Selected Transgender Narratives: A Study Of Identity and Ostracization. (Guide: Dr. Mahesh Kumar Dey, Profrssor & Head, Department of English, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2838.

3. Prajapati, Nimishaben Chhaganbhai. Translation of Selected Short Stories of Jayant Khatri With A Critical Evaluation. (Guide: Dr. Falguni H. Desai, Principal, Department of English, M.R. Desai Arts & E.E. Laher Kodsadiya Commerce College, Khundh, Chikhli). Ph.D. Notification No.2835.

**GUJARATI**

1. Parmar, Chhayaben Kalidas. ગુજરાતી કવિતામાં રામાયણનાં ગૌણપાત્રોની ભુમિકા. (Guide: Dr. Merubhai Vadhel, Associate Professor, Department of Gujarati, Smt. R.P. Chauhan Arts & Smt. J.K. Shah & Smt. K.D. Shah Commerce College Vyara,Tapi). Ph.D. Notification No.2694.

2. Parmar, Hemlataben Rakeshkumar. ભારતીય દલિત આત્મકથા : એક અભ્યાસ. (Guide: Dr. Jashubhai Patel, Ex. Professor, Department of Gujarati Veer Narman South Gujarat University, Surat). Ph.D. Notification No.2859.

3. Patel, Nimishaben Bhupendrabhai. વિચરતી જાતિના કથા સાહિત્યનો વિષયવસ્તુલક્ષી તુલનાત્મક અભ્યાસ (ભારતીય સાહિત્યકાર ધ્રુવ ધો કૃત 'તિમિરપંથ', મનોજ બસુ કૃત 'નિશિકુટુંબ', વિશ્વાસ પાટીલ કૃત 'ઝાડાઝડતી' અને કાનજી પટેલ કૃત 'ડેરો' ના વિશેષ સંદર્ભે). (Guide: Dr. Jashubhai Patel, Ex. Professor, Department of Gujarati, Veer Narman South Gujarat University, Surat). Ph.D. Notification No.2860.

4. Patel, Sonalben Amrutlal. અનુઆધુનિક ગુજરાતી ટૂંકીવાર્તામાં સાંપ્રત વલણો : એક અભ્યાસ ( દલપત ચૌહાણ, નવનીત જાની, કંભર્પ ર. દેસાઈ અને મહેન્દ્રસિંહ પરમારનાં સંદર્ભ). (Guide: Dr. Panna Trivedi, Associate Professor, Department of Gujarati, Veer Narman South Gujarat University, Surat). Ph.D. Notification No.2823.

5. Patel, Ushaben Gopalbhai."ગુજરાતી નવલકથાનાં પૌરાણિક કથાનકમાં પ્રગટતી ભારતીય સંસ્કૃતિ : એક અભ્યાસ " (પસંદગીની નવલકથાના સંદર્ભે). (Guide: Dr. Jayshree M. Solanki, Associate Professor, Department of Gujarati, Shri Mumbadevi Arst & Smt. Sugnibai R. Chamaria Commerce College, At & Po. Motapondha, ta-Kaparada, Valsad). Ph.D. Notification No.2822.

6. Rathod , Falguni Rakeshbhai. પસંદગીના વાર્તાકારોની વાર્તાઓમાં દલિત ચેતના : એક અભ્યાસ. (Guide: Dr. Nathalal M. Vegda, Associate Professor, Shri Vanraj Arts & Commerce College, Dharampura, Valsad). Ph.D. Notification No.2861.

7. Tada, Chandraben Dineshbhai. ટૂંકીવાર્તામાં રચનારીતિનું વૈવિધ્ય : એક અભ્યાસ (સુરેશ જોષી, મધુરાય, ઘનશ્યામ દેસાઈ અને ભુપેશ અધ્વર્યુના સંદર્ભે. (Guide: Dr. Ishverbhai M. Patel, Principal, Department of Gujarati, Arts & Commerce College Olpad, Surat). Ph.D. Notification No.2850.

**HINDI**

1. Ahir, Dharmeshbhai Dahyabhai. शिवानी के समग्र साहित्य का रचना संसार: एक अध्ययन. (Guide: Dr. Mahesh M. Patel, Associate Professor, Department of Hindi, Shree J.B. Dharukawala Mahila Arts College Varachha Road, Surat). Ph.D. Notification No.2793.

**HUMAN RESOURCE DEVELOPMENT**

1. Chavda, Pankajkumar Ramanlal. Impact of Employee Relations Practices on Organisation Performance. (Guide: Dr.D.G. Thakore, Professor, Department of Human Resource Development, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2854.

**LAW**

1. Kadhiwala, Naimisha. સુરત જિલ્લાના સંદર્ભમાં પરિવીક્ષા અપરાધીઓની સ્થિતિ અંગેનો વિશ્લેષણાત્મક અભ્યાસ. Guide: Dr. Bhadresh A. Dalal, I/c. Principal, Department of Law, Sarvajanik College of law,Surat). Ph.D. Notification No.2832.

2. Pagare, Sunilbhai Uttambhai. ગુજરાત રાજ્યમાં અસ્પૃશ્યતા નાબુદી માટે રાજ્ય સરકારે ઘડેલા કાયદાઓ અને યોજનાઓ તથા મુખ્ય અને જાણીતી સામાજિક સંસ્થાના પ્રયાસોની સ્થિતિઓ કાનુની અભ્યાસ. Guide: Dr. Manishaben V. Shukla, I/c. Principal, Department of Law, Mahamandleshwar Shri Krishnanandji Law College, Bharuch). Ph.D. Notification No.2833.

3. Parajiya, Bakul Vrajlalbhai. મહિલા જાતીય સતામણી અટકાવવા માટેની વૈદ્યાનિક જોગવાઈઓ અને તેના અમલીકરણનો વિશ્લેષણાત્મક અભ્યાસ ગુજરાત રાજ્યના સંદર્ભમાં. Guide: Dr. Manishaben V. Shukla, I/c. Principal, Mahamandleshwar Shri Krishnanandji Law College, Bharuch). Ph.D. Notification No.2831.

4. Sahani, Amardeep Inderjit. An Analytical Study on The Impact of Surrogacy in Indian Perspective. (Guide: Dr. Manishaben V. Shukla, I/c. Principal, Department of Law, Mahamandleshwar Shri Krishnanandji Law College, Bharuch). Ph.D. Notification No.2834.

### LIBRARY & INFORMATION SCIENCE

1. Thakor, Dineshbhai Shankarbhai. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંલગ્ન વિજ્ઞાન પ્રવાહના મહાવિદ્યાલય પુસ્તકાલયોમાં અધ્યાપકો દ્વારા સામાજિક માધ્યાપકો ઉપયોગ અને તેનો પ્રભાવ: એક અભ્યાસ. (Guide: Dr. Digvijaysinh J.Chauhan, Librayan, Department of Library & Information Science, V.S. Patel College of Arts and Science, Bilimora). Ph.D. Notification No.2814.

### MANAGEMENT

1. Lathiya, Amit Ravjibhai. Service Quality and Customer Satisfaction in Online Retail Sector. (Guide: Dr. Munira Habibullah, Ex. Professor, Department of Management, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2696.

2. Gajera, Hina Kantilal. Efficiency of Weather Derivatives as Primary Crop Insurance Instruments In Gujarat. (Guide: Dr Namrata N. Khatri, Associate Professor, Department of Management, G. B. Bhakta Management Academy, Department of Business and Industrial Management, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2037.

3. Joshi, Sanjaykumar Satyanarayan. Investors' Behavior With Reference to Cognitive Dissonance Among Retail Investors Dealing in Equity Market From Surat City. (Guide: Dr Jaydip Chaudhari, Professor, Department of Management, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2038.

### MATHEMATICS

1. Bhagat, Bhavixa Pravinbhai. Life Symmetry Technique For the Flow Of Non-Newtonian Fluids. (Guide: Dr. M.G. Timol, Ex. Professor, Department of Mathematics, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2797.

2. Patel, Khyati Jashavantbhai. Solution to The Non-Newtonian Boundary Problems Using Method of Dimensional Analysis. (Guide: Dr. M.G. Timol, Ex. Professor, Department of Mathematics, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2825.

3. Sonara, Nileshkumar Chimanbhai. Applications of Spline Function To The Flow Through Porous Media. (Guide: Dr. D.C. Joshi, Professor & Head, Department of Mathematics, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2795.

### PHYSICS

1. Mule,Priyanka Kishorbhai. Growth and Characterization of Undoped & zn2+, cu2+ Doped Strontium Tartrate Tetrahydrate Crystal. (Guide: Dr. Nitin N. Shah, Associate Professor, Department of Physics, Shri J.S. Bhakta & Shri K.M. Bhakta Arts , shri A.N Shah Science and Shri N.F. Shah Commerce College, Kholwad, Surat). Ph.D. Notification No.2817.

2. Patel, Abhishk Rajendrabhai. A Study of 2D Sulfide Layered Materials by Density Functional Theory. (Guide: Dr. P.B. Thakor, Professor, Department of Physics, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2820.

3. Patel, Hareshkumar Keshavaji. Growth and Characterization of Metal (Co, Ni, Co-Ni) Doped Adp Crystals. (Guide: Dr. K.G. Raval, Associate Professor, Department of Physics, Narmada College of Science & Commerce, Zadeshvar, Bharuch). Ph.D. Notification No.2857.

### SANSKRIT

1. Kataria, Pareshbhai Jayantbhai. **'ऋग्वेद के प्रथम मंडल के प्रारंभिक पचास सूक्तों पर आचार्य सायण और महर्षि दयानंदकृत भाष्य का तुलनात्मक अध्ययन'**. (Guide: Dr. Rita Trivedi, Professor, Department of Sanskrit, M.T.B. Arts College, Athwaget, Surat). Ph.D. Notification No.2816.

2. Parmar, Riteshkumar Dahyabhai. **'राधाचरितम्' की काव्यशास्त्रीय मीमांसा'**. (Guide: Dr. Vinaben Thakkar, Associate Professor, Department of Sanskrit, Shree Jayendrapuri Arts & Science College, Bharuch). Ph.D. Notification No.2810.

### STATISTICS

1. Shah, Monika Pankajkumar. Non-Parametric Tests For Statistical Quality Controlwhen Location Parameter of Process is Fixed. (Guide: Dr. Sejal A. Desai, Associate Professor, Department of Statistics, J.Z. Shah Arts & H. P. Desai Commerce College, Amroli,Surat). Ph.D. Notification No.2824.

## મહાવિદ્યાલય સમાચાર

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી.

### 'વિશ્વ એઇડ્સ દિન' ઉજવણી




તા. ૦૧/૧૨/૨૦૨૩ને શુક્રવારના રોજ સવારે ૯:૦૦ કલાકે જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ અમરોલીના પ્રભારી આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ NSS યુનિટ અને સુરત મહાનગરપાલિકા સંચાલિત એસ.ટી.ડી. કેર પ્રોજેક્ટ દ્વારા 'વિશ્વ એઇડ્સ દિન' ઉજવણીના ભાગરૂપે એચ.આઈ.વી./એઇડ્સ જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં NSS સ્વયંસેવકો/સેવિકાઓ તેમજ પ્રોગ્રામ ઓફિસર પ્રા.વિજયભાઈ ચૌધરી, પ્રા. જિતેન્દ્રભાઈ ચૌધરી, પ્રા. પંકજભાઈ નાયકા ઉપસ્થિત રહ્યા હતા.

### એન.સી.સી. દિવસની ઉજવણી






તા. ૨૩/૧૧/૨૦૨૩ને ગુરુવારના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ અમરોલીના પ્રભારી આચાર્યશ્રી ડૉ.રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ "6 Gujarati Girls BN" અંતર્ગત 'NCC DAY'ની ઉત્સાહપૂર્વક ઉજવણી કરેલ છે. આ કાર્યક્રમ અંતર્ગત 'Optimal use of Dustbins' વિષય પર NCC વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી કચરાપેટીનો સર્વશ્રેષ્ઠ ઉપયોગ કઈ રીતે કરી શકાય તે અંગે જાગૃત કરવામાં આવ્યા હતા. તેમજ મહાવિદ્યાલયના પરિસર અને પાર્કિંગની સફાઈ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કેર ટેકર ઓધિકારી પ્રા. ડૉ. સોનલબેન જરીવાલા અને ૫૧ એન.સી.સી. કેડેટ્સે ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો.

### BPS ફ્રેશર હાયરિંગની પોસ્ટ માટે ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (TCS) દ્વારા કેમ્પસ ડ્રાઈવ

તા. ૧૨/૧૨/૨૦૨૩ને સોમવારના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ અમરોલીના પ્રભારી આચાર્યશ્રી ડૉ.રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ BPS ફ્રેશર હાયરિંગની પોસ્ટ માટે ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (TCS) દ્વારા કેમ્પસ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૬૦થી વધારે વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં ૫૪ વિદ્યાર્થીઓ વિવિધ જગ્યાઓ માટે પસંદગી પામ્યા હતા. આ કાર્યક્રમમાં IQAC ચેરમેન પ્રા. ડૉ. સેજલબેન દેસાઈએ TCS કંપનીમાંથી આવનાર ઓધિકારીઓનું શબ્દો અને પુસ્તકથી અભિવાદન તેમજ પ્રા.ડૉ. ચિરાગભાઈ સિધ્ધપુરિયા દ્વારા પરિચય આપવામાં આવ્યો હતો. દક્ષિણ ગુજરાત વિસ્તારની જુદી જુદી મહાવિદ્યાલયોના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.









## રકતદાન શિબિર





જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, વુમેન્સ એડીશનલ સેલ્ફ ફાયનાન્સ કૉલેજ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન વિશ્વવિદ્યાલય, લાયન્સ કલબ, ફેમિલી ફિઝિશયન એસોસિએશન, સુરત રકતદાન કેન્દ્ર એન્ડ રિસર્ચ સેન્ટર, એન.એસ.એસ. વિભાગ, એન.સી.સી. વિભાગના સંયુકત ઉપક્રમે પ્રભારી આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ તા. ૨૦/૧૨/૨૦૨૩ના રોજ શૈક્ષણિક વર્ષ : ૨૦૨૩–૨૪માં 'રકતદાન શિબિર'નું આયોજન થયું હતું.

સમગ્ર શિબિરનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરશ્રી પ્રા. વિજયભાઈ ચૌધરી પ્રા. જિતેન્દ્રભાઈ ચૌધરી અને પ્રા. ડૉ. મયંકભાઈ સોઢા તથા એન.સી.સી.કેર ટેકર પ્રા. સોનલબેન જરીવાલા અને NSS સ્વયંસેવકો/સેવિકાઓ, કેડેટ્સ અને તેમની ટીમે કર્યુ હતું. આ શિબિરમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને કર્મચારી સભ્યોએ પણ ઉત્સાહભેર રકતદાન કરી ૩૦ રકત બેગ એકત્ર થઈ હતી. અમરોલી મહાવિદ્યાલય પરિવાર તરફથી સ્મૃતિભેટ અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અમરોલી મહાવિદ્યાલયનાં શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ તથા એન.એસ.એસ. તથા એન.સી.સી. કેર ટેકર ઓફિસર તથા સ્વયંસેવકો/ સેવિકાઓ અને કેડેટ્સે ભારે જહેમત ઉઠાવી હતી.

## સંશોધન કેન્દ્રનું ઉદ્‌ઘાટન




નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ અંતર્ગત કેન્દ્ર સરકારે સંશોધનને ખૂબ જ મહત્વ આપ્યું છે. આ બાબતને ધ્યાનમાં રાખીને પ્રભારી આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાએ સંશોધન સાથે જોડાયેલા વિવિધ ક્ષેત્રના અધ્યાપકો, રિસર્ચ સ્કોલરો તેમજ સમાજના તમામ નાગરિકોને જરૂરી સુવિધા પૂરી પાડી શકાય તે વિચારથી રિસર્ચ સેન્ટરની સ્થાપના માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની Establishment and Approval/ Renewal of Research Center at Affiliated Colleges/Institute અંતર્ગત અરજી કરવામાં આવેલ હતી અને જેની તમામ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ વિશ્વવિદ્યાલય દ્વારા જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીને રિસર્ચ સેન્ટરની માન્યતા આપવામાં આવેલ હતી.

સંશોધન માટે સંશોધનાર્થીઓને જરૂરી સુવિધા તેમજ એકાંત ખૂબ જ જરૂરી હોય છે. જેથી તેઓ પોતાનું સંશોધન કાર્ય જરૂરી ગુણવત્તાના આયામો જાળવીને કરી શકે. વિશ્વવિદ્યાલયમાં હાલ કોમર્સ–એકાઉન્ટન્સી વિષયમાં અંદાજિત ૪૦૦ થી ૫૦૦ રિસર્ચ સ્કોલર્સ પોતાનું સંશોધન કાર્ય કરી રહ્યા છે. મહાવિદ્યાલયના રિસર્ચ સેન્ટર દ્વારા આ તમામ સંશોધનાર્થીઓને રિસર્ચ સેન્ટર નિઃશુલ્ક પણે ઉપયોગ કરવા દેવામાં આવશે. રિસર્ચ સેન્ટરમાં સંશોધન અંગેના જરૂરી સોફ્ટવેર પણ ઉપલબ્ધ છે અને ભવિષ્યમાં પણ સંશોધનાર્થીઓને જરૂરી એવી તમામ જર્નલ કે અન્ય કોઈપણ સોફ્ટવેરને ખરીદવા કે સબસ્ક્રાઈબ કરવા માટે રિસર્ચ સેન્ટર કટિબદ્ધ રહેશે.

કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ તેમજ સંશોધન પ્રોજેકટ અને પ્રાઈવેટ કોર્પોરેટ કંપની પોતાના સીએસઆર ફંડમાંથી જે પણ સંશોધન કરવા ઈચ્છે છે તે અંગે રિસર્ચ સેન્ટર પાસે જરૂરી લાયકાત અને જ્ઞાન ધરાવતા કર્મચારી ઉપલબ્ધ છે.

રિસર્ચ સેન્ટર અંગે કુલપતિશ્રી નોમિની તરીકે ડૉ. જયદીપ ચૌધરી (પ્રોફેસર, વી.એન.એસ.જી.યુ.)ની નિમણૂક કરવામાં આવેલ છે, આ ઉપરાંત મહાવિદ્યાલય દ્વાર રિસર્ચ સેન્ટરના સંયોજક તરીકે ડૉ. કૃતિબેન પટેલની નિમણૂક કરવામાં આવેલ છે. વિશ્વવિદ્યાલયના નિયમ મુજબ આ કમિટિમાં બે એકસ્ટર્નલ એકસપર્ટની નિમણૂક કરવાની હોય છે. જેમાં ઉધના સિટીઝન કોમર્સ મહાવિદ્યાલયના આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈ અને નવયુગ કોમર્સ કૉલેજનાં પ્રાધ્યાપક ડૉ. મેહુલભાઈ શાહની નિમણૂક કરવામાં આવેલ છે.

તા. ૨૭/૧૨/૨૦૨૩ ના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કામર્સ કૉલેજ, અમરોલીમાં સંશોધન કેન્દ્રનું ઉદઘાટન વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલગુરુશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા કરવામાં આવેલ હતું. કાર્યક્રમની શરૂઆત એફ.વાય.બી.કોમની વિદ્યાર્થીની કુ. નૂપુર શાહે પ્રાર્થનાથી કરી હતી. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહી જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહે સંશોધનનું મહત્વ, સંશોધનાર્થીઓ માટે રિસર્ચ સેન્ટરનું મહત્વ, સંશોધનના સામાજિક અને કારકિર્દીલક્ષી ઉપયોગ વગેરે ઉપર વિસ્તારથી ચર્ચા કરી હતી. ઉપપ્રમુખશ્રી ભાનુભાઈ શાહ અને સભ્યશ્રી મહેન્દ્રકુમાર સોલંકી પણ હાજર રહ્યા હતા. પ્રભારી આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા દ્વારા ઉપસ્થિત સૌ મહેમાનોનું શબ્દો અને પુસ્તકથી સ્વાગત અને આવકાર પ્રવચન આપવામાં આવ્યું હતું. IQAC વિભાગના સંયોજક ડૉ. સેજલબેન દેસાઈએ મહેમાનોનો પરિચય અને રિસર્ચ સેન્ટરનું મહત્વ, તેની ભૂમિકા, સંશોધનાર્થીઓ માટે તેનો ઉપયોગ વગેરે બાબત ઉપર માર્ગદર્શન આપવામાં આવેલ હતું. કુલપતિશ્રી દ્વારા રિસર્ચ સેન્ટરને શુભેચ્છા આપી વધુંમાં તેઓએ જણાવ્યું કે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સંલગ્ન રીસર્ચ સેન્ટરોમાં આ રીસર્ચ સેન્ટર પર પીએચ.ડી. થયેલ સૌથી વધું ૧૪ જેટલી ફેકલ્ટીઝ ઉપલબ્ધ છે. ભવિષ્યમાં રિસર્ચ સેન્ટરને વિશ્વવિદ્યાલય તરફથી જે કોઈપણ સહયોગ જોઈશે તે આપવાની સંપૂર્ણ હકારાત્મક ખાતરી આપેલ હતી. સમગ્ર કર્મચારી સભ્યોએ કાર્યક્રમને સફળતાપૂર્વક પાર પાડવામાં પોતાનો સંપૂર્ણ સહયોગ આપ્યો હતો. જીવન જ્યોત ટ્રસ્ટ પરિવાર દ્વાર રિસર્ચ સેન્ટરને તેમજ સમગ્ર કર્મચારી સભ્યોને શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ હતી.

વધુમાં વધુ રીસર્ચ સ્કોલર સંશોધન ક્ષેત્રે જોડાય તે માટે નવયુગ કોમર્સ કૉલેજ, શેઠ સી.ડી.બરફીવાલા કૉલેજ, ઝેડ.એફ.વાડિયા વુમેન્સ કોમર્સ કૉલેજ, શાહ એન.એચ. કોમર્સ કૉલેજ, વલસાડ, સી.ડી.જે.રોફેલ આર્ટ્સ એન્ડ આઈ.એસ.આર.એ. રોફેલ કોમર્સ કૉલેજ, વાપી સાથે MoU કરવામાં આવ્યા હતા. રિસર્ચ સ્કોલર મિત્રો તેમજ સંશોધન ક્ષેત્રે સાથે જોડાયેલા તમામ સંશોધકો રિસર્ચ સેન્ટરનો સંશોધનની દિશામાં વધુંમાં વધુ ઉપયોગ કરો તેવી અભ્યર્થના.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. સોનલબેન કાકલોતર અને પ્રા. રાજ ડુમસિયા દ્વારા અને આભારવિધિ સંશોધન કેન્દ્રના સંયોજકશ્રી ડૉ. કૃતિબેન પટેલ દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અમરોલી મહાવિદ્યાલયના શૈક્ષણિક અને વહીવટી સ્ટાફે ભરે જહેમત ઉઠાવી હતી.

## પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.

### સ્પોર્ટસ મીટનું આયોજન

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત અમરોલી સેલ્ફ ફાઈનાન્સ કૉલેજ બી.કોમ, બી.બી.એ., બી.સી.એ અને બી.સી.એ. (વિન્ટર)ના વિદ્યાર્થીઓ માટે સાપ્તાહિક સ્પોર્ટસ મીટનું આયોજન તા. ૧૫ થી ૨૧ ડિસેમ્બર, ૨૦૨૪ દરમ્યાન જે.કે.ક્રિકેટ ગ્રાઉન્ડ કોસાડ ખાતે કરવામાં આવેલ હતું. સ્પર્ધાના ઉદ્ઘાટન સમારંભ શ્રી પ્રકાશભાઈ કેવડિયા (એમ.ડી.–આશાદીપ ગ્રુપ ઓફ સ્કુલ) તેમજ જીવન જ્યોતનાં મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, મંત્રીશ્રી અનુજભાઈ શાહ, ટ્રસ્ટીશ્રી ગૌરાંગભાઈ  દેસાઈ, સ્પોર્ટસ ચેરમેન તેમજ મહાવિદ્યાલયના આચાર્યશ્રી ડૉ. મુકેશભાઈ ગોયાણી તેમજ તમામ સંયોજક તેમજ પ્રાધ્યાપકગણ હાજર રહ્યા હતા. સ્પોર્ટસ મીટની વિવિધ સ્પર્ધામાં ૧૮૪૦ જેટલા વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધામાં દોડ (૧૦૦ મી., ૨૦૦ મી., ૪૦૦ મી., ૮૦૦ મી., ૧૫૦૦ મી.), વિઘ્ન દોડ, રીલે દોડ, કબડ્ડી, ગોળાફેંક, દોરડા ખેંચ, ખો–ખો, ક્રિકેટ જેવી હરીફાઈઓનું આયોજન કરાયું હતું. સ્પોર્ટ મીટનું આયોજન આચાર્યશ્રી ડૉ. મુકેશભાઈ ગોયાણીના માર્ગદર્શન હેઠળ શારીરિક શિક્ષણનાં પ્રા. ડૉ. પ્રદીપકુમાર લેન્કા તેમજ અધ્યાપકોના સહકારથી સફળ આયોજન થયું હતું. સ્પોર્ટસ મીટની તમામ સ્પર્ધાનું ઓનલાઈન રજીસ્ટ્રેશનથી માંડીને પરિણામ સુધીની તમામ કામગીરી પ્રાધ્યાપક ડૉ. વિરલ બી. પોલીસવાલા દ્વારા કરાયું હતું. જેથી આ સ્પર્ધામાં ઈકો–ફ્રેન્ડલી બની રહી.









## સાપ્તાહિક સ્પોર્ટ્સ મીટનું સમાપન

જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં બી.કોમ, બી.બી.એ. અને બી.સી.એ.અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી માટે ઇન્ટર કૉલેજ સાપ્તાહિક સ્પોર્ટ્સ મીટનું આયોજન તા. ૧૫ થી ૨૧ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ જે.કે.ક્રિકેટ ગ્રાઉન્ડ, કોસાડ ખાતે કરવામાં આવેલ હતું. જેમાં ૧૮૪૦થી વધુ વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સાપ્તાહિક સ્પોર્ટ્સ મીટની સ્પર્ધા દોડ, વિઘ્ન દોડ, રીલે દોડ, કબડ્ડી, ગોળાફેંક, દોરડા ખેંચ, ક્રિકેટ જેવી હરીફાઈઓના દિવસો દરમ્યાન જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલીના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, મંત્રીશ્રી અશ્વીનભાઈ પટેલ, શ્રી અનુજભાઈ શાહ તેમજ ટ્રસ્ટીશ્રી ગૌરાંગભાઈ દેસાઈ, સ્પોર્ટ્સ ચેરમેન તેમજ આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણી તેમજ બી.બી.એ. સંયોજક ડૉ. સ્વાતિ મહેતા, બી.સી.એ. સંયોજક ડૉ. જૈમિન શુકલા, બી.કોમ. સંયોજક ડૉ. ધરિત નાયક, બી.સી.એ. વિંટર સંયોજક, ડૉ. વિરલ પોલીસવાળા, તમામ સ્ટાફ સભ્યો તેમજ ખાસ આમંત્રીત બી.કોમ, બી.બી.એ. અને બી.સી.એ.ના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ હાજર રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ પણ વિવિધ સ્પર્ધામાં ભાગ લઈ મહાવિદ્યાલયનો ભુતકાળ વાગોળ્યો હતો. સાપ્તાહિક સ્પોર્ટ્સ મીટના અંતિમ દિવસે સમાપનવિધિમાં મુખ્ય મહેમાન સિન્ડિકેટ મેમ્બર ડૉ. સતિશભાઈ પટેલ અને શ્રી કનુભાઈ ભરવાડ, જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી ટ્રસ્ટના મંત્રીશ્રી અશ્વીનભાઈ પટેલના હસ્તે વિવિધ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓને ટ્રોફી સન્માનિત કરવામાં આવ્યા હતા.









## જોબ ફેરનું આયોજન

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ) એન્ડ વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ) તેમજ સુટેક્ષ કૉલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલીનું એક સપ્તાહના કેમ્પસ પ્લેસમેન્ટ ડ્રાઈવ એટલે કે જોબ ફેરનું આયોજન બી.સી.એ. વિભાગ ખાતે કરવામાં આવેલ છે. આ આયોજનમાં હાલના ટી.વાય.બી.સી.એ.ના અને ટી.વાય. બી.સી.એ. પાસ કરેલ વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે. આ આયોજનના ભાગરૂપે તા.૦૧–૦૧–૨૦૨૪ થી ૦૬–૦૧–૨૦૨૪ દરમ્યાન રોજ એક સુરતની અગ્રણીય આઈટી અને ટેકનોલોજી કંપની વિદ્યાર્થીઓના ઇન્ટરવ્યૂ લેવા આવનાર છે. આ આયોજનમાં મહાવિદ્યાલયના ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓને લાભ મળશે તેમજ બીજી મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ પણ ભાગ લઈ શકે છે. ઇન્ટરવ્યૂ માં સિલેકટ થયેલા વિદ્યાર્થીઓને કંપની સ્ટાઇપન્ડ સાથે છ મહિનાની ટ્રેનીગ આપી નોકરીનો ઓફર લેટર આપશે.સમગ્ર આયોજન આચાર્યશ્રી ડૉ. મુકેશભાઈ ગોયાણી તથા સંયોજક ડૉ. જૈમીનભાઈ શુક્લાના માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ ઓફિસર ડૉ. વિશાલ પંડયા તથા ટીમ દ્વારા કરવામાં આવ્યું છે. વધુ માહિતી માટે ડૉ. વિશાલ પંડયા ફોન નં 9909773290 સંપર્ક કરવો.

## એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા.

### ગૌરવ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા આયોજિત હોકી બહેનોનું આંતર વિશ્વવિદ્યાલય ટીમની પસંદગીની પ્રક્રિયાનું આયોજન વિશ્વવિદ્યાલયના ગ્રાઉન્ડ ઉપર થયું હતું. જેમાં વિવિધ મહાવિદ્યાલયની ૨૭થી વધારે ખેલાડી બહેનોએ ભાગ લીધો હતો એ.વી.પટેલ કોમર્સ કૉલેજ બીલીમોરાની એસ.વાય.બી.કોમ.માં અભ્યાસ કરતી વિદ્યાથિર્ની વિશ્વકર્મા ભૂમિનું વિશ્વવિદ્યાલયની ટીમમાં પસંદગી થઈ છે. આ વિશિષ્ટ સિદ્ધિ બદલ પ્રભારી આચાર્યશ્રી પ્રા. વર્ષાબેન રાણા તેમજ શારીરિક શિક્ષણના વ્યાખ્યાતા ડૉ. સોનલબેન વસાવા તથા તમામ મહાવિદ્યાલય પરિવારે ખેલાડી બહેનને અભિનંદન પાઠવ્યા છે અને આવનારા સમયમાં ખૂબ સારું પ્રદર્શન કરી આગળ વધે તે માટે શુભેચ્છા પાઠવી હતી.





## જોબ પ્લેસમેન્ટ ફેરનું આયોજન

તા. ૨૩/૧૨/૨૦૨૩ના રોજ એ.વી.પટેલ કોમર્સ કૉલેજમાં મહિન્દ્રા રૂરલ હોમ ફાયનાન્સ લિમિટેડના ઇન્ટરવ્યૂ ગોઠવવામાં આવ્યા હતા. જેમાં મહાવિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થી અમરજીત ચૌહાણ, બ્રાંચ મેનેજર તરીકે ઉપસ્થિતિ રહી વિદ્યાર્થીઓના ઇન્ટરવ્યૂ લીધા હતા. આ ઇન્ટરવ્યૂમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. મહાવિદ્યાલયના પ્રભારી આચાર્યશ્રી પ્રા. વર્ષાબેન બી. રાણા દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.







### મને ગમતુ પુસ્તક વાર્તાલાપ

એ.વી.પટેલ કોમર્સ કૉલેજ બીલીમોરાના ગ્રંથાલય અને માહિતી વિભાગના ઉપક્રમે 'મને ગમતુ પુસ્તક' વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. સારાં પુસ્તકોનું વાંચન તેના સર્જકો અને મહાન વિભૂતિઓની સ્મૃતિ તાજી કરાવે છે. માબાપ હંમેશા સ્નેહ, વાત્સલ્ય અને પ્રેરણા આપે છે. જ્યારે પુસ્તકો તો આંખો અને પાંખો બંને આપે છે. ઉત્તમ પુસ્તકો વ્યકિતનો અદ્દ્ભૂત મિત્ર અને સમજદાર માર્ગદર્શક હોય છે. ભારતીય સંસ્કૃતિ અનુસાર પ્રાર્થનાથી શરૂ થયેલા આ કાર્યક્રમમાં ૭ વિદ્યાર્થીઓ અને એક અધ્યાપિકાએ ગુજરાતી સાહિત્યના જુદા જુદા લેખકોના જુદા જુદા પુસ્તકો પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. પ્રભારી આચાર્યશ્રી વર્ષાબેન બી. રાણાના માર્ગદર્શન હેઠળ થયેલ આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. મહાવિદ્યાલયના અધ્યાપકોએ કાર્યક્રમમાં હાજરી આપી વિદ્યાર્થીઓમાં વાંચનની અભિરૂચિ કેળવાય તે માટે પ્રોત્સાહિત કર્યા હતા. વાર્તાલાપનું સંચાલન અને આભારવિધિ ગ્રંથપાલશ્રી આર.એમ.પટેલે કરી હતી.











### સરકારી વિજ્ઞાન કૉલેજ, વાલોડ.

### ક્રિકેટ કોચિંગ કેમ્પનું આયોજન

તાપી જિલ્લાની સરકારી વિજ્ઞાન કૉલેજ વાલોડ ખાતે સપ્તધારા દ્વારા પ્રકલ્પ અને બારડોલી ક્રિકેટ એસોસીએશનના સંયુકત સંકલન દ્વારા ૧૫ દિવસીય ક્રિકેટ કોચિંગ કેમ્પનું આયોજન તા. ૧૨/૧૨/૨૦૨૩ થી ૨૬/૧૨/૨૦૨૩ સુધી કરવામાં આવેલ છે. તા. ૧૨/૧૨/૨૦૨૩ના રોજ તાપી જિલ્લા ક્રિકેટ એસોસીએશનના સેક્રેટરીશ્રી નરેન્દ્રભાઈ ગામિત, શ્રી રાજેશ એ. પટેલ, આચાર્યશ્રી, સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, સોનગઢ, શ્રી એસ. એસ. અંધેર, આચાર્યશ્રી, સરકારી વિજ્ઞાન કૉલેજ, સોનગઢની વિશેષ ઉપસ્થિતિમાં ક્રિકેટ કોચિંગ કેમ્પ ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ કેમ્પમાં તાપી જિલ્લાની અલગ અલગ મહાવિદ્યાલયો અને શાળામાંથી કુલ ૩૨ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. આ કેમ્પમાં મુખ્ય કોચ તરીકે બારડોલી ક્રિકેટ એસોસીએશનના હિતેશભાઈ અને તેમની ટીમ પોતાની સેવાનો લાભ ખેલાડીઓને આપશે.

સૌ પ્રથમ કેમ્પનું ઉદ્ઘાટન આમંત્રિત મહેમાનો દ્વાર દિપ પ્રાગટયથી કરી, સરકારી વિજ્ઞાન કૉલેજ વાલોડના આચાર્યશ્રી ડૉ. બી.એચ.પરમારના આવકાર પ્રવચન દ્વારા કરવામાં આવ્યું હતું. તાપી જિલ્લા ક્રિકેટ એસોસીએશનના સેક્રેટરીશ્રી નરેન્દ્રભાઈ ગામિત દ્વારા ખેલાડીઓને ક્રિકેટ અંગે ખૂબ ઉમદા વિચારો અને જરૂરી માહિતી આપવામાં આવી હતી. સરકારી વિનયન અને વાણિજય કૉલેજ, સોનગઢના આચાર્યશ્રી રાજેશ એ. પટેલે ખેલાડીઓને ક્રિકેટ અંગે પ્રોત્સાહિત કર્યા અને સરકારી વિજ્ઞાન કૉલેજ, સોનગઢના આચાર્યશ્રી એસ.એસ. અંધેરે પોતાના શબ્દો દ્વારા ખેલાડીઓના ઉત્સાહ વધાર્યો હતો.

આ કેમ્પનું આયોજન સરકારી વિજ્ઞાન કૉલેજ વાલોડના આચાર્યશ્રી ડૉ. બી.એચ.પરમારના સંપૂર્ણ માર્ગદર્શન હેઠળ સપ્તધારા પ્રકલ્પ અંતર્ગત યોજવામાં આવ્યો છે. આ કેમ્પ અને કાર્યક્રમને સફળ બનાવવામાં સરકારી વિજ્ઞાન કૉલેજ વાલોડના પી.ટી.આઈ, શ્રી ગૌરાંગભાઈ ચૌધરી પોતાનો મહત્વનું યોગદાન આપી રહ્યા છે. આજના કાર્યક્રમનું સંચાલન મદદનીશ પ્રાધ્યાપકશ્રી વિરલભાઈ દરજીએ કર્યું હતું. જેમાં સરકારી કૉલેજ વાલોડના અન્ય તમામ કર્મચારી મિત્રો પણ કેમ્પને સફળ બનાવવા સહકાર આપી રહ્યા છે.









## C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara

### Birth Anniversary of Late Dr. Markand Bhatt

On the occasion of Birth anniversary of Late Dr. Markand Bhatt, C.N.Kothari Homeopathic Medical College Conducted a Seminar in association with HMAI Vyara unit. Speaker of the Seminar was Dr. Heena Rawal & The topic was 'Miasmatic Analysis & it's Clinical Implication'. The seminar was attended by 3rd & 4th BHMS students & teaching staff. It was a valuable seminar on basic understanding of Miasm presented with few cases. The Seminar was arranged by Seminar Committee headed by Dr. J. J. Jain under the guidance of Principal Dr. Jyoti Rao.







## Days Celebration Week

C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara celebrated "Days Celebration Week'' from 11/12/2023 to 16/12/2023 in which various days like Bollywood Character day, Regional Day, Signature Day/Funfair Day, Twins Day, Suit & Saree day, Theme Day, Garba day etc. were celebrated by students as well as Teaching & Non-Teaching Staff who participated enthusiastically. The main attraction of the celebration was Fun fair & Garba day where Students & Staff took part very actively. All these activities were successfully organized by Activity Committee under the guidance of Principal Dr. (Mrs.) Jyoti Rao.





## Poster Making Competition

C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara, Homoeopathic Materia Medica department & HMAI Vyara Unit has organised a Poster Making Competition on the Birth Anniversary of Late. Dr. Markand Bhatt. Students made different poster based on Homoeopathic Drug Personality. Dr. P. R. Patel, Dr. J. J. Jain & Dr. S. S. Khengar were Judges of the Competition. Winners were awarded with Certificates & Winning Prizes. All participants were also given certificate of participation. Event was successfully handled by Homoeopathic Materia Medica Department under the guidance of Principal Dr. Jyoti Rao.

| Winner | Name | Year | Price |
|---|---|---|---|
| 1st | Chitrangi Patel | 4th BHMS | Rs. 3001/- |
| 2nd | Jaiseel Makwana | 2nd BHMS | Rs. 2001/- |
| 3rd | Nikhilesh Nabde | 3rd BHMS | Rs. 1001/- |

**2 Consolation Prizes from HMAI Vyara Unit**

| | | | |
|---|---|---|---|
| 1st Consolation Prizes | Tanvi Ghadiya | 1st BHMS | Rs. 501/- |
| 2nd Consolation Prizes | Kinjal Kalsariya | 2nd BHMS | Rs. 501/- |





## Slogan Competition

C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara, organised a Slogan Competition on date 26/12/2023 under the Nasha Mukt Bharat Abhiyan under direction of National Commission for Homoeopathy, New Delhi. Winners were awarded with Certificates & Winning Prizes. All participants were also given certificate of participation. Event was successfully handle by Activity Committee under the guidance of Principal Dr. Jyoti Rao.

The following students were declared winners as follows:

| | | | |
|---|---|---|---|
| 1st | Patil Harshda Ashokbhai | 1st BHMS (Jr.) | Rs. 501/- |
| 2nd | Paghadar Parita Nileshbhai | 1st BHMS (Jr.) | Rs. 251/- |



## Udhna Citizen Commerce College & S.P.B. College of Business Administration & Smt. Diwaliben Harjibhai Gondalia College of BCA & I.T., Udhan, Surat.

### Bhartiya Knowledge System પર વ્યાખ્યાન





ઉધના કૉલેજમાં તા. ૨૦મી ઑક્ટોબર ૨૦૨૩ના રોજ મહાવિદ્યાલયનાં FYBCOM, BBA અને BCA વિદ્યાર્થીઓ માટે Bhartiya Knowledge System પર એક સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય વકતાશ્રી બાલાજી રાજે સેન્ટર ફોર હિંદુ સ્ટડીઝ, વિશ્વવિદ્યાલયના સંયોજકે આ વિષય પર તેમનું વકતવ્ય આપ્યું હતું. તેમણે BKSની વિભાવના સમજાવી, પ્રેરક ભાષણ દ્વારા વિદ્યાર્થીઓનો વિષયમાં રસ કેળવ્યો હતો. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ વર્ગખંડમાં અને ઓનલાઈન માધ્યમથી આ સેશનમાં હાજર રહ્યા હતા. મહાવિદ્યાલયનાં BKS વિભાગ દ્વારા આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય (BBA) ડૉ. ડેઇઝી તેક્કનાલ, ઉપાચાર્ય (BCA) ડૉ. મનિષ કાયસ્થ અને સંયોજક (BCA Afternoon) ડૉ. તેજસ ઘડિયાળીનો માર્ગદર્શન અને સહકાર બદલ આભાર વ્યકત કર્યો હતો. મહાવિદ્યાલય પરિવાર દ્વારા શ્રી બાલાજી રાજેનો તેમનો અમૂલ્ય સમય અને જ્ઞાન વિદ્યાર્થીઓ સાથે શેર કરવા બદલ આભાર માનવામાં આવ્યો હતો.

### મહિલા સશક્તિકરણને પ્રાધાન્ય આપતો નવતર પ્રયોગ





ઉધના મહાવિદ્યાલયમાં તા. ૯ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ, અતુલ્ય મહિલાઓની શકિત અને સિદ્ધિઓની ઉજવણી કરવા માટે The Empress Express, નોટિસ બોર્ડનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. નોટિસ બોર્ડનો ઉદ્દેશ્ય મહિલાઓને માહિતી, લેખો, કવિતાઓ, પ્રેરણાદાયી વાર્તાઓ, ચિત્રો, આરોગ્યપ્રદ વાનગીઓ, સારા વિચારો વગેરે શેર કરવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે. મહિલા સશકિતકરણ એ એક બહુપક્ષીય ખ્યાલ છે. જે સમાજમાં મહિલાઓની સ્થિતિ અને અધિકારોને વધારવાના હેતુથી વિવિધ સામાજિક, આર્થિક અને રાજકીય પરિમાણોને સમાવે છે. મહિલા સશકિતકરણનું એક નિર્ણાયક પાસું–શિક્ષણ છે. જ્યારે મહિલાઓને શિક્ષણ માટે સમાન તકો પૂરી પાડવામાં આવે છે, ત્યારે તે માત્ર તેમના જીવનને સમૃદ્ધ બનાવે છે. એટલું જ નહીં પરંતુ સમુદાયો અને રાષ્ટ્રોના સર્વાંગી વિકાસમાં પણ યોગદાન આપે છે. મહિલા સશકિતકરણ માત્ર મહિલાઓને જ નહીં પરંતુ સમગ્ર સમાજને પણ લાભ આપે છે, પ્રગતિ વિવિધતા અને ટકાઉ વિકાસને પ્રોત્સહન આપે છે.

The Empress Express નોટિસ બોર્ડ સ્ત્રીઓને સશકત બનાવવાં તથા સમાવિષ્ટતાને પ્રોત્સાહિત કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. આ નોટિસ બોર્ડ મહિલાઓ વચ્ચે સંદેશાવ્યવહાર અને સહયોગ વધારવા તથા

માહિતીનાં હબ તરીકે કામ કરશે. આ ઉદ્ઘાટન સમારોહમાં શ્રી ભાણજીભાઈ પટેલે (પ્રમુખ, ઉધના એકેડમી એજ્યુકેશન ટ્રસ્ટ) રિબન કાપી નોટિસ બોર્ડનું અનાવરણ કર્યુ. આચાર્ય ડૉ. મેહુલ દેસાઈએ આ નોટિસ બોર્ડને સમાનતા અને એકતાની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે એક સીમાચિહ્નરૂપ દર્શાવ્યું હતું. આ પ્રસંગે ડૉ. ડેઝી તેક્કનાલ (ઉપાચાર્ય – B.B.A), ડૉ. મનિષ કાયસ્થ (ઉપાચાર્ય -BCA), અને ડૉ. તેજસ ઘડિયાલી (સંયોજક B.C.A-Afternoon) પણ હાજર રહ્યા હતાં. મહાવિદ્યાલયની વિદ્યાર્થીનીઓ અને મહિલા અધ્યાપકોએ નોટિસ બોર્ડને શણગારતા લેખો, ચિત્રો અને વાર્તાઓ દ્વારા તેમની પ્રતિભા દર્શાવી કાર્યક્રમની સફળતામાં ફાળો આપ્યો હતો. મહાવિદ્યાલય પ્રાધ્યાપક ડૉ. પ્રતિક્ષા દેસાઈએ મહિલાઓની સિદ્ધિઓને ઉજાગર કરતી સમર્પિત જગ્યાનાં મહત્વને સમજાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન The Empress Express કમિટિના સભ્યો પ્રાધ્યાપક ડૉ. પ્રતિક્ષા દેસાઈ, ડૉ. રુદ્રી પુરોહિત અને પ્રો. વિશ્વા મહેતાએ આચાર્ય ડૉ. મેહુલ દેસાઈનાં માર્ગદર્શન હેઠળ કર્યુ હતું.

### વ્યાખ્યાનનું આયોજન





ઉધના મહાવિદ્યાલયમાં તા. ૧૪–૧૨–૨૦૨૩નાં રોજ MSDP (મેનેજમેન્ટ સ્ટડીઝ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ) કલબ અંતર્ગત વિદ્યાર્થીઓને સંશોધન ક્ષેત્રે આકર્ષક કારકિર્દીની સંભાવનાઓ વિષે માર્ગદર્શન આપવાના હેતુથી એક સત્રનું આયોજન કર્યુ હતું. આ સત્રમાં પ્રતિષ્ઠિત ન્યુકિલયસ ગ્રુપનાં વકતા શ્રી સંજય પટેલે વિદ્યાર્થીઓને સારી કારકિર્દી ઘડવા યોગ્ય સંશોધન વિષય પસંદ કરવા બાબતે માર્ગદર્શન આપ્યું હતું. આ સત્રમાં મહાવિદ્યાલયનાં વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. આ સત્રનું આયોજન કરવાનો હેતુ વિદ્યાર્થીઓને ભાવિ કારકિર્દી માટે જરૂરી વ્યવહારુ જ્ઞાન અને માર્ગદર્શન આપવાનો હતો. આ કાર્યક્રમનું સફળ આયોજન પ્રાધ્યાપક ડૉ. રુદ્રી પુરોહિત અને ડૉ. ગૌતમ ડોંગા દ્વારા આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ અને BBA ઉપાચાર્ય ડૉ. ડેઝી તેક્કનાલનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

### લેકચરનું આયોજન







ઉધના મહાવિદ્યાલયમાં જાતિય સતામણી નિવારણ સેલ અંતર્ગત વિદ્યાર્થીઓ અને સ્ટાફ સભ્યોને Prevention of Sexual Harassment Act, 2013, મહાવિદ્યાલયમાં જાતીય સતામણી નિવારણ સેલના સભ્યોનો પરિચય અને તેમાં સંકળાયેલા વિવિધ કાયદાકીય પાસાઓ વિશે જાગૃત કરવા એક સત્રનું આયોજન કર્યું હતું. આ લેકચરમાં મહાવિદ્યાલયનાં વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. BBAનાં ઉપાચાર્ય ડૉ. ડેઝી ટેક્કનાલએ વિદ્યાર્થીઓને વિવિધ પાસાઓ અંગે માહિતી આપી હતી. આ કાર્યક્રમનું આયોજન આચાર્ય ડૉ. મેહુલ દેસાઈનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

### ક્રિકેટ પ્રીમિયર લીગ – Season-2 ની ભવ્ય શરૂઆત

ઉધના કૉલેજમાં ઉધના કૉલેજ ક્રિકેટ પ્રિમિયર લીગ Season-2ની શરૂઆત તા. ૧૬ ડિસેમ્બર, ૨૦૨૩નાં રોજ થઈ હતી. આ ઈવેન્ટમાં મહાવિદ્યાલયની કુલ ૪૫ ટીમોનાં ૬૭૫ ખેલાડીઓ હાજર રહ્યા હતા. આચાર્ય ડૉ. મેહુલ દેસાઈએ ભાગ લેનાર તમામ ખેલાડીઓની ભાવનાઓને ઉત્તેજન આપતા પ્રોત્સાહક શબ્દો કહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને ખેલદિલી અને નિયમોનું પાલન કરવા જણાવ્યું હતું. UCCPL ગવર્નિંગ કાઉન્સિલના સભ્યોએ પ્રતિયોગિતાના નિયમો અને દિશા નિર્દેશો સ્પષ્ટ કર્યા હતા. BBA વિભાગનાં

ઉપાચાર્ય ડૉ. ડેઇઝી તેક્કનાલએ પ્રથમ એલીમીનેટર મેચ માટે ચિઠ્ઠી ઉપાડી હતી. જે TYBCA-E અને SYBCA-D વચ્ચે રમાઈ હતી. આ મેચમાં TYBCAની ટીમ વિજેતા થઈ હતી.






## ડબ્બા પાર્ટીનું આયોજન





ઉધના મહાવિદ્યાલયમાં તા. ૧૬/૧૨/૨૦૨૩નાં રોજ ખખબના વિદ્યાર્થીઓ માટે મહાવિદ્યાલય ગ્રાઉન્ડ પર એક સામાજિક કૌશલ્ય પ્રવૃત્તિનાં ભાગરૂપે ડબ્બા પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં BBA વિભાગનાં પ્રાધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું સફળ આયોજન BBA વિભાગ દ્વારા આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય (BBA) ડૉ. ડેઇઝી તેક્કનાલ, ઉપાચાર્ય (BCA) ડૉ. મનિષ કાયસ્થ, સંયોજક (BCA Afternoon) ડૉ. તેજસ ઘડિયાળીનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

## સ્વાસ્થ્ય જાગૃતિ કાર્યક્રમ

ઉધના મહાવિદ્યાલયમાં વુમન સેલ અંતર્ગત વિદ્યાર્થીનીઓ માટે સ્વાસ્થય જાગૃતિ અંગે એક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. કિરણ હોસ્પિટલનું ડૉ. સ્વાતિ અગ્રવાલે વિદ્યાર્થીનીઓને ભવિષ્યમાં જોખમ અને તણાવ મુકત જીવન માટે આરોગ્ય અને સ્વચ્છતાના માધ્યમ વિશે જણાવ્યું હતું. તેમણે સર્વિકલ કેન્સરની સંભાવનાને ટાળવા માટે રસીકરણ વિશે પણ સમજણ આપી હતી. કાર્યક્રમનું સફળ આયોજન પ્રાધ્યાપક ડૉ. પર્લ ખરાસ દ્વારા આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ તથા ઉપાચાર્ય (BBA) અને વુમન સેલનાં અધ્યક્ષા ડૉ. ડેઇઝી તેક્કનાલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં પ્રાધ્યાપક ડૉ. ક્રિના શાહ, ડૉ. અમીના નાખુદા અને ડૉ. પ્રતિક્ષા દેસાઈએ પણ મહત્વનું યોગદાન આપ્યું હતું.





## યુનિવર્સિટી ગ્રંથાલય

### Footfall : Dt. 1-12-2023 to 31-12-2023

| Detail | Description | Dec.-2023 | |
|---|---|---|---|
| User | Visitors | 3465 | |
| | Internet Lab User | 64 | |
| Registered Members | Senate/Syndicate Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage, Asst, Librarian | 0 | |
| | UG/PG Students | 64 | |
| | Research Scholars | 9 | |
| | Non Teaching Staff | 0 | |
| | Visitors | 4 | |
| | Online User | 0 | |
| | Total | | 3606 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| December-2023 | 1230 | 911 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનાર : ખરાઈ પ્રમાણપત્ર (તા. ૧૬–૩–૨૦૨૨ થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | December-2023 | 08 |

Sources : Ms. Mitali Patel, Jr. Cleark, Circulation Section.

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | December-2023 | 09 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section.

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | December-2023 | 09 |

Sources: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section.

**Chief Editor: Dr. K. C. Poria**
Professor and Head
Department of Physics, Veer Narmad South Gujarat University,Surat.

**Editor: Dr. Parul R. Patel**
I/c. Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University,Surat.

**Publisher : Dr. R. C. Gadhvi**
Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, યુનિવર્સિટી ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayan@vnsgu.ac.in

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgu.ac.in